



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ - 30 ■ અંક - 14 ■ તા. 30-03-2026 ■ સોમવાર ■ પાના - 2 ■ કિંમત રૂ. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂ. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■Email : prdpraval@yahoo.co.uk

### યુદ્ધને આજે ૩૦ દિવસ થઈ ગયા

# યુદ્ધ ક્યારે સમાપ્ત થાય તેના કોઈ અણસાર દેખાતા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી,

ઈરાન અને ઈઝરાયલ-અમેરિકા વચ્ચેના યુદ્ધને આજે ૩૦ દિવસ થઈ ગયા છે. જે યુદ્ધ થોડા દિવસોમાં ખતમ થઈ જશે તેવી આશા હતી તે યુદ્ધ સતત હુમલાઓના કારણે ભીષણ બની રહ્યું છે. ઈરાનમાં સત્તા પરિવર્તન માટે શરૂ થયું હતું યુદ્ધ જેમાં અત્યાર સુધીમાં ૪૫૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે લાખો લોકો વિસ્થાપિત થયા છે. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે હુમલા શરૂ કર્યા હતા. જો કે, સુપ્રીમ લીડર અને ટોચના નેતાઓ ગુમાવ્યા બાદ પણ ઈરાન દરેક હુમલાનો જવાબ આપી રહ્યું છે. એટલું જ નહીં આ યુદ્ધની આગ ખાડી દેશો સુધી પણ પહોંચી હતી. આ સાથે જ ઈરાને સ્ટ્રેટ ઑફ હોર્મૂઝ બંધ કરતા યુદ્ધના કારણે દુનિયાના દેશોમાં ગેસ અને ઈંધણનું સંકટ પણ થયું. આ વચ્ચે યૂએસના સેન્ટ્રલ કમાન્ડનું મોટું નિવેદન પણ આજે સામે આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, યુએસએસ ત્રિપોલીમાં સવાર લગભગ ૩,૫૦૦ વધારાના સૈનિકો મધ્ય પૂર્વમાં પહોંચ્યા છે. ૩૧મી મરીન એક્સપિડિશનરી યુનિટના મરીન અને મરીન સહિત તે બધા ૨૭ માર્ચે આ વિસ્તારમાં પહોંચ્યા હતા. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેના યુદ્ધને સમાપ્ત કરવા માટે વાતચીત ચાલી રહી છે.

યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ સત્તાવાર રીતે આ યુદ્ધમાં ઝંપલાવ્યું છે. રવિવારે તેમણે ઈઝરાયેલ પર ક્રૂઝ મિસાઈલો અને ડ્રોન વડે હુમલો કર્યાનો દાવો કર્યો છે.

પેન્ટાગોન ઈરાનમાં ગ્રાઉન્ડ ઓપરેશન (જમીની હુમલો) માટેની યોજનાઓ તૈયાર કરી રહ્યું છે. જેમાં ખાસ કરીને હોર્મુઝની સામુદ્રધુની અને ખાર્ગ ટાપુ જેવા દરિયાકાંઠાના વિસ્તારો પર દરોડા પાડવાની યોજના છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ઉર્જા મથકો પર હુમલો કરવાની ધમકીને હાલ ૬ એપ્રિલ સુધી ટાળી છે, જેથી વાટાઘાટો માટે સમય મળી રહે. ઈરાને બહેરીનના એલ્યુમિનિયમ બહેરીન પ્લાન્ટ પર હુમલો કર્યો છે, જેમાં બે કર્મચારીઓ ઘાયલ થયા છે. તેના જવાબમાં બહેરીને દેશમાં ડ્રોન ઉડાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. ઈરાકની રાજધાની ઈરબિલમાં અમેરિકી કોન્સ્યુલેટ અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવીને અનેક ડ્રોન હુમલા કરવામાં આવ્યા હતા, જેને અમેરિકી સુરક્ષા દળોએ હવામાં જ તોડી પાડ્યા હતા.

ઈરાને હોર્મુઝની સામુદ્રધુની પર કડક નિયંત્રણ રાખ્યું છે, જેના કારણે વૈશ્વિક તેલના પુરવઠા પર મોટી અસર પડી છે. ટ્રમ્પે શરત મૂકી છે કે જો ઈરાન આ માર્ગ નહીં ખોલે તો તેના પાવર પ્લાન્ટ્સને "નેસ્તનાબૂદ" કરવામાં આવશે.

તેલ અવીવ સહિત ઈઝરાયેલના અનેક શહેરોમાં સામાન્ય નાગરિકો આ યુદ્ધના વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા છે અને સરકાર સામે દેખાવો કરી રહ્યા છે.

## સમગ્ર અમેરિકામાં 'નો કિંગ્સ' વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) વોશિંગ્ટન,

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઈમિગ્રેશન અને વિદેશ નીતિ વિરુદ્ધ અમેરિકાના લોકોમાં આક્રોશ વધી રહ્યો છે. આ સંદર્ભે સમગ્ર અમેરિકામાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા છે. હજારો લોકો નો કિંગ્સ ના બેનર હેઠળ ભેગા થયા છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ સામે પોતાનો રોષ વ્યક્ત કરી રહ્યા છે. આયોજકોએ જણાવ્યું હતું કે આ પ્રદર્શનો એક સુનિયોજિત રાષ્ટ્રીય અભિયાનનો ભાગ હતા, જે અંતર્ગત સમગ્ર દેશમાં ૩,૦૦૦ થી વધુ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. સેન્ટ પોલ સ્થિત મિનેસોટા સ્ટેટ કેપિટલ ખાતે યોજાયેલી મુખ્ય રેલીમાં સૌથી વધુ ભીડ ઉમટી હતી, જેમાં અંદાજે ૨ લાખથી વધુ લોકોએ ભાગ લીધો હતો. પ્રદર્શનકારીઓએ માર્ચ કાઢી, સૂત્રોચ્ચાર કર્યા અને ટ્રમ્પ વહીવટીતંત્રની નિંદા કરતા પોસ્ટર-બેનરો લહેરાવ્યા હતા. તેમનું મુખ્ય નિશાન વહીવટીતંત્રની ઈમિગ્રેશન સંબંધિત કડક કાર્યવાહી અને ઈરાન સાથે ચાલી રહેલા વિવાદમાં તેમની ભૂમિકા હતી. અનેક શહેરોમાં પ્રદર્શનકારીઓ મુખ્ય રસ્તાઓ પર કતારબદ્ધ ઊભા રહી ગયા હતા.




30-03-2026_13 Jan Fariyad_New_P-1

# તંત્રી લેખ

## એઆઈનો દૂરુપયોગ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેટલી ઉપયોગી અને આધુનિક ટેક્નોલોજી છે તેટલા જ તેના દૂરુપયોગ અને જોખમો પણ છે. હાલમાં તેના દ્વારા જે ગુનાખોરી વધી છે અને ભયાનક સ્થિતિ ઊભી થઈ છે તેના વૈશ્વિક પડઘા પડી રહ્યા છે. થોડા દિવસ પહેલાં જ જોહાનિસબર્ગ ખાતે જી-૨૦ શિખર સંમેલાનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દૂરુપયોગનો મુદ્દો ખાસ્સો ગાજ્યો હતો. તમામ સભ્ય દેશો દ્વારા સંયુક્ત રીતે એઆઈના દુષણોને ડામવા માટે કામગીરી કરવી જોઈએ તેવો સૂર પણ ઉઠયો હતો. ભારતે ખાસ ભાર મુક્યો હતો કે, એઆઈ હોય કે અન્ય કોઈ ટેક્નોલોજી પણ તેનો ઉપયોગ વિશ્વ કલ્યાણ માટે થવો જોઈએ. તેને માત્ર પૈસા કમાવાનું સાધન ન બનાવી શકાય.આ તમામ વાતો તેની જગ્યાએ છે પણ વાસ્તવિકતા એ છે કે, ભારતમાં સાઈબર ક્રાઈમના ગુના અને એઆઈ દ્વારા છેતરપિંડી અને ગુનાખોરી ભયાનક સ્તરે વધ્યા છે. સાઈબર ક્રાઈમ કરનારા હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો એ રીતે ઉપયોગ કરતા થઈ ગયા છે કે, લોકો ભોળવાઈ જાય છે અને ફસાઈ જાય છે. તાજેતરમાં ગ્લોબલ ઈનિશિયેટિવ ફોર રીસ્ટ્રક્ચરિંગ એનવાર્યન્મેન્ટ એન્ડ મેનેજમેન્ટ તથા ટેકિયન દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવાયું હતું કે, આજકાલ ૧૦માંથી ૮ ફિશિંગ હમલામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવ્યો હોય છે. આ રીતે થઈ રહેલા ગુનામાં અકલ્પનીય વધારો થઈ ગયો છે.ઉલ્લેખનીય છે કે, એઆઈથી થતી ગુનાખોરીમાં જો માત્ર ભારતની જ વાત કરવામાં આવે તો ભારતમાં ૨૦૨૪માં સાઈબર ક્રાઈમના કુલ ૧૯.૧૮ લાખ કેસ નોંધાયા હતા. જે તેના આગળના વર્ષની સરખામણીએ ઘણા વધારે હતા. આ દરમિયાન લોકોએ કુલ ૨૨,૮૧૨ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. જે ૨૦૨૩ના આંકડા કરતા ત્રણ ગણા વધારે છે. ૨૦૨૩માં સાઈબર ક્રાઈમમાં ભારતીયોએ ૭,૪૯૬ કરોડ ગુમાવ્યા હતા પણ ૨૦૨૪નો આંકડો ડરાવી દે તેવો છે. આ સિવાય ભારતમાં ક્રિપ્ટો કરન્સી ઉપર પણ હુમલા વધી ગયા છે અને તેમાં કામ કરનારા અને ઈન્વેસ્ટ કરનારા લોકોના વોલ્ટ ખાલી થઈ રહ્યા છે. તે ઉપરાંત આઈઓટી, રેન્સમવેર જેવા સાઈબર હુમલામાં પણ મોટો વધારો થયો છે જે ખરેખર ચિંતાજનક છે.ભારતની વાત કરીએ તો અહીંયા ડીપફેક દ્વારા ગુનાખોરી વધી છે. અહીંયા એઆઈનો ઉપયોગ કરીને જાણીતા લોકોના, સેલેબ્સના અને અન્ય લોકોના ચહેરા દ્વારા અથવા તો વીડિયો તૈયાર કરીને છેતરપિંડી કરવામાં આવી રહી છે. તે ઉપરાંત મહિલાઓના ડીપફેક બનાવીને તેમને બદનામ કરવાના અને તેમના અશ્લિલ વીડિયો ફેલાવવાના પણ ધંધા કરાય છે. થોડા સમય પહેલાં જ રશ્મિકા મંદાના, આલિયા ભટ્ટ જેવી બોલીવુડની અભિનેત્રીઓના ડીપફેક વીડિયો વાઈરલ થયા હતા. આ સિવાય કેટલાક હીરો અને જાણીતા લોકોના પણ બનાવટી વીડિયો ફરતા કરવામાં આવી રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે ૨૦૧૯થી અત્યાર સુધીમાં ભારતમાં ડીપફેક સાથે જોડાયેલા સાઈબર ગુનાઓમાં ૫૫૦ ટકાનો વધારો થયો છે.



## ચુપકે- ચુપકે ડેટ

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય મંત્રીનો પૌત્ર શિખર પહરિયા અને જાહ્નવી કપૂરના રિલેશનની વાત ટોક ઓફ ધ ટાઉન બની હતી. પણ આ વિશે બંને દ્વારા તેમના રિલેશન વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી. શિખર અને જાહ્નવીએ એકબીજાને જન્મદિવસની શુભેચ્છાઓ આપતી પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી હતી અને બંને એપ્રિલમાં આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજીના મંદિરમાં પણ સાથે જોવા મળ્યા હતા, જેથી બંને એકબીજાને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચાને ફરી વેગ મળ્યો હતો.

**અનન્યા પાન્ડે આદિત્ય રોય કપૂર**

થોડા સમય પહેલા અનન્યા પાન્ડે અને આદિત્ય રોય કપૂરની યુરોપ ટ્રીપના ફોટા અને વિડિયો વાયરલ થયા હતા જેમાં આદિત્ય રોય કપૂર અનન્યા પાન્ડેને હગ કરતો જોવા મળ્યો હતો અને બંને સ્પેનની એક હોટલમાં રોમેન્ટીક ડિનર ડેટ પર જોવા મળ્યા હતા પણ બંને દ્વારા તેમના આ રિલેશનની વાતને સ્વીકારવામાં કે નકારવામાં આવી નથી. ગયા મહિને અનન્યા પાન્ડે અને આદિત્ય રોય કપૂર મૂંબઈમાં મૂવી ડેટ પર જોવા મળ્યા હતા.

**સિદ્ધાર્થ ચાતુર્વેદી અને નવ્યા નવેલી**

ગલી બોયમાં એમસી શેરના રોલમાં જોવા મળેલા સિદ્ધાર્થ ચાતુર્વેદી અમિતાભ બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદાને ડેટ કરી રહ્યો હોવાની ચર્ચા ૨૦૨૨માં શરૂ થઈ હતી. બંને મુંબઈ એરપોર્ટ પર ટ્વીનિંગ કરતાં જોવા મળ્યા હતા અને મૂંબઈમાં અનેક જગ્યાએ સાથે જોવા મળ્યા હતા.

**સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી**

અનેક સાઉથ ઈંડિયન અને હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકેલો સિદ્ધાર્થ અદિતિ રાવ હૈદરી સાથે રિલેશનમાં હોવાના અનેક સંકેતો આપ્યા છે પણ બંને અભિનેતાઓએ ક્યારે આ વિશે વાત કરી નથી.

સિદ્ધાર્થ અને અદિતિએ અનેક વખત એક બીજા સાથે હોવાના ફોટા, રીલ્સ ઈનસ્ટાગ્રામ પર શેર કર્યા છે. સિદ્ધાર્થ અને અદિતિ રાવ હૈદરી ૨૦૨૧ની તેલુગુ ફિલ્મ મહા સમુદ્રમથી નજીક આવ્યા હોવાની ચર્ચા છે.

ઝહીર ઈકબાલ અને સોનાક્ષી સિંહા 'મે યૂ ઓલ્વેઝ લીવ મેર્મેડ લાઈફ, આઈ લવ યૂ' આવું કેપશન આપી ઝહીરે સોનાક્ષીના ૩૬માં જન્મદિવસ પર તેને શુભેચ્છા પાઠવી હતી. ઝહીર ઈકબાલે સોનાક્ષી સિંહા સાથે ડબલ ઠન્માં સ્ક્રીન શેર કરી હતી. અને બંને એકબીજા માટે આવા પ્રકારની પોસ્ટ સોશિયલ મીડિયા પર કરતાં હોવાથી તેમના ચાહકોમાં બંનેના રિલેશનની ચર્ચાઓ શરૂ થઈ છે. અગ્તસ્ય નંદા અને સુહાના ખાન

અમિતાભ બચ્ચનનો પૌત્ર અગ્તસ્ય નંદા અને શાહરુખ ખાનની દીકરી સુહાના ખાન વેબ સિરીઝ 'ધ અચસદ ના શૂટિંગ દરમ્યાન બંને નજીક આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. તાનિયા શ્રોફની બર્થ-ડે પાર્ટી માથી બહાર આવતા અગતસ્ય સુહાનાને તેની કાર સુધી મૂકવા ગયો અને ત્યારબાદ સુહાનાને ફ્લાઈંગ કિસ આપતો એક વિડિયોમાં જોવા મળ્યો હતો.

**ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી**

સૈફ અલી ખાન અને અમૃતા સિંહનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અને શ્વેતા તિવારીની દીકરી પલક તિવારી છેલ્લા એક વર્ષથી રિલેશનમાં હોવાની ચર્ચા છે અને ઈબ્રાહિમ અને પલકના માતા પિતાની આ વિશે હા છે એવું જાણવા મળ્યું હતું. ઈબ્રાહિમ અને પલકે અનુરાગ કશ્યપની દીકરી અલિયાની સગાઈમાં હાજરી આપી હતી.

**શ્રદ્ધા કપૂર અને રાહુલ મોદી**

ફિલ્મ 'તું જૂઠી મે મક્કાર'ની શૂટિંગ દરમિયાન શ્રદ્ધા કપૂર અને ફિલ્મના લેખક રાહુલ મોદી પ્રેમમાં પડયા હોવાની વાત ચાહકો અને મીડિયામાં સાંભળવા મળી હતી. શ્રદ્ધા અને રાહુલ અનેક વખત મૂંબઈમાં ડેટ પર જતાં મીડિયાના કેમેરામાં કેદ થયા હતા.

## સરકારી કર્મચારીઓને ફલેટ ખરીદવા પર મળશે ૨૫% ડિસ્કાઉન્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૬

દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી (DDA) સરકારી કર્મચારીઓ માટે ઘરનું ઘર લેવાના સપનાને વાસ્તવિકતામાં ફેરવવાની તૈયારી કરી રહી છે. રામ નવમીના અવસરે શરૂ કરાયેલ "કર્મયોગી આવાસ યોજના" હેઠળ પાત્ર અરજદારો હવે મોટા ડિસ્કાઉન્ટ અને સસ્તા દરે તેમના ઈચ્છિત ફલેટ બુક કરાવી શકશે.

આ યોજનાની સૌથી મહત્વપૂર્ણ શરત એ છે કે ફક્ત હાલમાં સેવા આપતા અને નિવૃત્ત સરકારી કર્મચારીઓ જ અરજી કરવા પાત્ર છે. આ પાત્રતા માપદંડમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો, તેમજ સરકારી બેંકો, જાહેર ક્ષેત્રની કંપનીઓ (PSU), યુનિવર્સિટીઓ અને વિવિધ સ્વાયત્ત સંસ્થાઓના કર્મચારીઓનો સમાવેશ થાય છે.

આ યોજના સામાન્ય લોકો માટે નથી અને અરજી પ્રક્રિયા ૨૬ માર્ચે બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે. આ યોજના હેઠળના બધા ફ્લેટ દિલ્હીના નરેલાના પોકેટ ૬માં સ્થિત છે. DDAએ ખાસ જણાવ્યું છે કે નરેલા ઝડપથી શિક્ષણ કેન્દ્ર તરીકે વિકાસ કરી રહ્યું છે અને મેટ્રો નેટવર્ક સાથે સારી રીતે જોડાયેલ છે, જે તેને વધુ આકર્ષક સ્થાન બનાવે છે.

આ યોજનાની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તમામ પ્રકારના ફ્લેટ પર ૨૫%નું ફ્લેટ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સરકારી કર્મચારીઓ માટે દિલ્હીમાં ઘર લેવાની આ એક શ્રેષ્ઠ તક છે. આ ફ્લેટ તદ્દન નવા છે અને તેની બનાવટ પણ મજબૂત અને આધુનિક છે.

આ વિસ્તાર બેસ્ટ પરિવહન સુવિધાઓ સાથે એક શાનદાર રહેણાંક હબ તરીકે વિકસી રહ્યો છે. આ જગ્યા ER-II અને GT વચ્ચે સ્થિત છે. તે કરનાલ રોડની ખૂબ નજીક છે. વધુમાં રિઠાલા-નરેલા-કુંડલી મેટ્રો કોરિડોર બનતા જ દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પહોંચવાનું ખૂબ સરળ બનશે.

આ યોજના માટેની અરજી પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ અને સરળ છે. રસ ધરાવતા સરકારી કર્મચારીઓ ઢઢછની સત્તાવાર વેબસાઈટ, dda.gov.in અથવા તેના ઈ-સેવા પોર્ટલની મુલાકાત લઈને નોંધણી કરાવી શકે છે. ઉમેદવારે અરજી કરતી વખતે તેનું PAN કાર્ડ, આધાર કાર્ડ અને વર્તમાન સેવા અથવા નિવૃત્તિનો પુરાવો (જેમ કે સર્વિસ ID અથવા PPO નકલ) જોઈશે.

વેબસાઈટમાં લોગ ઈન કર્યા પછી અરજદારોએ "કર્મયોગી આવાસ યોજના" વિકલ્પ પસંદ કરવાનો અને તેની વ્યક્તિગત અને વિભાગીય માહિતી દાખલ કરવી પડશે. ત્યારબાદ તેઓ તેમની પસંદગીનો ફ્લેટ પસંદ કરવાનો રહેશે અને નિર્ધારિત બુકિંગ રકમ ઓનલાઈન ભરવાની રહેશે. આ યોજના વહેલા તે પહેલાના ધોરણે હોવાથી પોર્ટલ ખુલતાની સાથે જ સમયસર પ્રક્રિયા પુરી કરવી જરૂરી છે.

## ઈરાને પાકિસ્તાનના જહાજને હોર્મુઝથી ઉલ્ટા પગે ભગાડ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
તેહરાન,

ઈરાન અને અમેરિકા- ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ઈસ્લામાબાદ મોટો રોલ નિભાવી રહ્યું છે તે વિશ્વ ગુરૂ બનીને આ યુદ્ધ રોકાવી રહ્યું હોવાના સમાચારો છે. ટ્રમ્પ ખુદ આ મામલે દિલચસ્પી દાખવી રહ્યાં છે. સોશિયલ મીડિયામાં મિમ્સ ચાલી રહ્યાં છે કે મેં દુનિયાભરના યુદ્ધ રોકાવ્યા પણ મારું યુદ્ધ કોઈ રોકાવી રહ્યું નથી. એવા અહેવાલો છે કે મોજતબાએ અમેરિકાના પ્રસ્તાવને મંજૂર રાખી કેટલીક શરતો રાખી છે અને આ વાટાઘાટોમાં ઈસ્લામાબાદની પ્રમુખ ભૂમિકા છે. દુનિયા સામે યુદ્ધ રોકાવી વિશ્વ ગુરૂ બનવા નીકળેલા પાકિસ્તાનને ઈરાને ઝટકો આપ્યો છે.

ઈરાને ખાડીમાંથી કરાંચી તરફ આવી રહેલા જહાજ સેલેનને ખાડી પસાર કરવાની પરમિશન ન આપતાં પાકિસ્તાનની આબરૂનાં કાંકરા થઈ ગઈ છે. ભારત અથ્યાર સુધી ૬થી ૭ જહાજો હોર્મુઝની ખાડીમાંથી પસાર કરીને લાવ્યું છે. ભારત સ્પષ્ટ કહી રહ્યું છે કે ખાડી પર કોઈ દેશનો કબજો ન હોવો જોઈએ.

રિપોર્ટ અનુસાર આ જહાજ સંયુક્ત અરબ અમિરાતથી પાકિસ્તાનના કરાંચી તરફ આવી રહ્યું હતું. પાકિસ્તાને આ મામલે ચૂપકીદી સાધી લીધી છે. યુએઈએ પણ કોઈ ટિપ્પણી કરી નથી. કાબૂલ સ્થિત દૂતાવાસે એક જાહેરાત કરી શકે છે કે ઈસ્લામિક રિવોલ્યૂશનરી ગાર્ડની નેવીએ પાકિસ્તાન જઈ રહેલા શિપને યૂએઈ પરત મોકલી દીધું છે. કારણ કે ઈરાન સરકારે આ જહાજને પસાર થવા દેવા માટે મંજૂરી આપી નહોતી.

આ નાનું ફીડર કંટેનર જહાજ હતું જે ૨૦૦૦માં બનાવાયું હતું.



## વૈજ્ઞાનિકોનાં ડ્રગ્સ એક્સપરીમેન્ટ

સામાન્ય માનવી કે તવંગર બાપની બગડેલી ઓલાદો જ ડ્રગ્સનો શિકાર બને છે એવું નથી. બોલિવૂડમાં પણ કેટલાંક એક્ટર એક્ટ્રેસને ડ્રગ્સની આદત હતી. જેમાં સંજય દત્ત, પરવીન બાબી વગેરે મોખરે હતાં. રજનીશ આશ્રમમાં ગયેલી કેટલીક ફિલ્મી હસ્તીઓએ ડ્રગ્સનો સ્વાદ ચાખ્યો હતો. આજનાં વિજ્ઞાન અને ટેકનોલોજીને એક હાઈપોથીસીસ રજુ થઈ હતી. જે દર્શાવે છે કે બૌધ્ધિક ક્ષમતા અને રીક્રિએશન ડ્રગ્સ વચ્ચે સીધો સંબંધ છે. ડ્રગ્સ લેવાથી સર્જનશક્તિનો વિકાસ થતો હોવાનો દાવો કરાયો હતો. અહીં એવા સ્વપ્રદ્રષ્ટા વૈજ્ઞાનિકોની વાત છે. જેમણે ડ્રગ્સનો પાવર ચકાસવા માટે તેનો પોતાની જાત પર અખતરા કર્યા હતા.૧૯૭૧માં 'મારીજુઆના રિકન્સીડર' નામનું પુસ્તક પ્રકાશિત થયું હતું. જેના લેખક હતાં ડૉ. લેસ્ટર ગ્રીનસ્પુન. આ પુસ્તકમાં એક સુંદર નિબંધ મારીજુઆન વિશે મી. એક્સ દ્વારા લખવામાં આવ્યો હતો. કાર્લ સગાનનાં અવસાન બાદ, મિ. એક્સની ઓળખ પ્રસ્થાપિત થાય છે. મિ. એક્સ એટલે કાર્લ સગાન. કાર્લ સગાને મેન્ટલ કિક મારવા મારીજુઆનાની સંગત કરી હતી. પ્રકાશિત પુસ્તકનો મુખ્ય ઉદ્દેશ્ય, મારીજુઆનાનો મેડિકલ ઉપયોગ કરવામાં વાંધો નથી એવું પ્રસ્થાપિત કરવાનો હતો. જોકે આ મકસદ હજુ પૂર્ણ થયો નથી. વ્યક્તિની સર્જનાત્મકતા, ઈન્ટેલીજન્સ વગેરેને આગળ ધકેલવા મગજ અને ચેતાતંત્ર પર અસર કરતાં સાયકોડેલીક ડ્રગ પર વધારે સંશોધનની જરૃર છે.કોકેઈન સાથેનો સિગમોન ફ્રોઈડનો સંબંધ વ્યક્તિગત ભોગવિલાસ કરતાં કંઈ અલગ હતો. ફ્રોઈડ માનતા હતા કે કોકેઈન એક 'વન્ડર ડ્રગ્સ' છે. ઘણા વર્ષો સુધી કોકેઈનનો ઉપયોગ, અલગ અલગ હેતુ માટે તેમણે સુચવ્યો હતો. તેમણે તેમની મંગેતરને એક પત્રમાં લખ્યું હતું કે જો કોકેઈન પરનાં મારાં પ્રયોગો જો સફળ જશે તો હું કોકેઈન ઉપર નિબંધ લખીશ. મોર્ફીનની સાથે સાથે ઉપચારશાસ્ત્રમાં કોકેઈન લાભદાયી નીવડશે એવો મને વિશ્વાસ છે. મોર્ફીન કરતાં કોકેઈન સુપીરીયર સાબિત થશે. હું ડિપ્રેશન સામે અને અપચો થાય ત્યારે અતિસુક્ષ્મ માત્રામાં કોકેઈનનો ડોઝ લઉં છું. જેમાં મને તેજસ્વી સફળતા મળી છે.૧૮૮૪માં ફ્રોઈડે ''ઉબેર કોકા'' તરીકે ડ્રગ્સનો રિવ્યુ પ્રકાશિત કર્યો હતો. વિજ્ઞાનનાં ઈતિહાસની વાત કરીએ તો, નશીલા પદાર્થનો સારવાર માટે ઉપયોગ સુચવનાર પ્રથમ વૈજ્ઞાનિક સિગમંડ ફ્રોઈડ હતાં. મોર્ફીનની અવેજીમાં કોકેઈન વાપરવા માટે અનેકવાર પ્રયોગો અને ભલામણ કરવામાં આવી હતી. સાયકો-એનાલીસીસ માટે કોકેઈનનાં પ્રયોગો ફ્રોઈડે કર્યા હતાં.ડિએનએનું માળખું / બંધારણ ઉકેલવા માટે સર ફ્રાન્સીસ ક્રીક અને તેમનાં વિદ્યાર્થી જેમ્સ વોટસને ખુબજ મહેનત કરવી પડી હતી. ડિએનએનું મોલેક્યુર સ્ટ્રક્ચર ઉકેલવામાં ફ્રાન્સીસ ક્રિક એલએસડીનો સાથ મળ્યો હતો? આવો સવાલ જરૃર થાય. એક જમાનો હતો કે થિકીંગ પ્રોસેસને વધારે ધારદાર કરવા કેટલાંક જીનીયસ લોકો આને અલ્પ માત્રમાં એલએસડીનું સેવન કરતા હતાં. કેટલાંકે એલએસડી સાથેનાં પોતાનાં અનુભવો વિશે પણ લખ્યું છે. ૨૦૦૪માં જેરોડ હાકરે 'ડીક કેમ્પ' નામનાં ક્રિકનાં નજીદીકી મિત્રનો ઈન્ટરવ્યુ કર્યો હતો. જેમાં જાણવા મળ્યું હતું કે ક્રીકે એલએસડીનો ઉપયોગ થિકીંગ ટુલ તરીકે કર્યો હતો. તેમણે તેમનાં સાથી વૈજ્ઞાનિકને મૃત્યુ પહેલાં કહ્યું હતું કે 'ડીએનએનું સ્ટ્રક્ચર શોધી કાઢ્યું ત્યારે તેઓ એલએસડીની અસર નીચે હતાં. ક્રિક ખ્યાતનામ નોવેલ રાઈટર આલ્ડસ હક્સલીના ચાહક હતા. હક્સલીએ નશીલા પદાર્થોનાં સેવનના અનુભવોને ટુંકી વાર્તામાં વર્ણવ્યા હતાં. તેમની નવલકથામાં એક 'સોમ' નામનાં ડ્રગનો ઉલ્લેખ છે. પોતાની સાઈઠ પછીની ઉંમરમાં 'સોમ' નામનાં ગૃપની સ્થાપના કરનારામાંથી એક હતો. આ ગ્રુપમાં નશીલા ડ્રગ્સનું સેવન થતું હતું.મેટ રીડલી નામનાં પ્રખ્યાત વિજ્ઞાન લેખકે ફ્રાન્સીસ ક્રીકની વિધવાનો ઈન્ટરવ્યું લીધો હતો. જેમાં ક્રીકની વિધવા એ જણાવ્યું હતું કે ફ્રાન્સીસ ક્રિકે એલએસડીનો ઉપયોગ ૧૯૬૫ બાદ શરૂ કર્યો હતો. જયારે ડીએનએનું બંધારણ કરી કે તેનાં એક દાયકા પહેલાં કરી નાખ્યું હતું.ડીએનએનું બંધારણ ૧૯૫૩માં શોધાયું હતું જે માટે તેમને ૧૯૬૨માં તબીબી વિજ્ઞાનનું નોબેલ પ્રાઈઝ આપવા આવ્યું હતું. આ હિસાબે ડીએનએના બંધારણ શોધવામાં એલએસડીનું યોગદાન હતું એમ કહેવું ખોટું છે.જહોન સી. લીલીને વિજ્ઞાનજગત એક ઉમદા ન્યુરોસાયન્ટીસ્ટ તરીકે યાદ કરે છે. તેમનો મુળ રસનો વિષય મરિન બાયોલોજી હતો. ૧૯૬૦નાં દાયકામાં નાસાએ જહોન લીલીને ખાસ મકસદ માટે આર્થિક ભંડોળ આપ્યું હતું. જહોન લીલીને, ડોલ્ફીનને વાર્તાલાપ કરવા માટે ભાષા શીખવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. નાસા માનતી હતી કે જો કોઈ પરગ્રહવાસી પૃથ્વી પર આવે તો, ડોલ્ફીનવાળી ભાષા શીખવવાની કસરત કામ લાગે તેવી હતી. જોકે ડોલ્ફીનને ભાષા શીખવવામાં લીલી નિષ્ફળ ગયા હતા. ૧૯૭૧માં તેમને માઈગ્રેનનો સખત દુખાવો શરૃ થયો હતો. તેમના મિત્ર એનરાઈટે પ્રસ્તાવ મુક્યો કે સારવાર માટે કેટામાઈન અને એલએસડીનો ઉપયોગ કરવો જોઈએ. આ રીતે લીલી ડ્રગ્સનાં બંધાણી બની ગયા. એનરાઈટ અને લીલીએ અન્ય સાથે મળીને કેટામાઈન ઉપર જોઈન્ટ રિસર્ચ કરવાનું નક્કી કર્યુ હતું. તેઓ ડ્રગ્સ લઈને પાણી ભરેલી ટેંકમાં ઉતરતા હતા. એકવાર તેમને ડુબતા પણ બચાવવામાં આવ્યા હતા. અધ્યાત્મ અને પરમજ્ઞાનની પ્રાપ્તિ માટે તેમણે એલએસડીનો હેવી ડોઝ પણ લીધો હતો. તેમનાં અનુભવો પરથી ૧૯૭૮માં પેડી ચેફસ્કીએ ''ઓલ્ટર સ્ટેટ'' નામની નવલકથા લખી હતી. જેને કેન રસેલે ફિલ્મ તરીકે રજુ કરી હતી. જહોન લીલી માનતા હતા કે તેમની મુલાકાત પરગ્રહવાસી સાથે થઈ છે.

તેમનાં ગ્રુપને તેઓ 'અર્થ કોઈન્સીડેન્સ કંટ્રોલ ઓફિસ' તરીકે ઓળખતાં હતાં.તમને કદાચ સવાલ થાય કે એ કેટી મુલીસ કોણ છે? બાયો-કેમીસ્ટ્રીમાં સૌથી વધારે ઉપયોગી પોલીમરેઝ ચેઈન રિએક્શન ટેકનિક તેમણે શોધી છે. જનીનનાં ટુકડાની સંશોધન માટે સેંકડો નકલ તૈયાર કરવાની હોય ત્યારે પીસીઆર ટેક્નિક વપરાય છે. જેના માટે તેમને નોબેલ પ્રાઈઝ ૧૯૯૩માં મળ્યું હતું. આ શોધ પાછળનું 'રહસ્ય'. ૧૯૯૪નાં કેલિફોર્નિયા મન્થલીમાં મુલીસ લખે છે કે સાઈઠ અને સિત્તેરનાં દાયકામાં તેમણે પુષ્કળ પ્રમાણમાં એલએસડીનો ડોઝ લીધો હતો. જેણે મુલીસનાં મગજનાં દ્વાર ખોલી નાખ્યા હતાં. એલએસડીનો તેમનો અનુભવ તેઓ 'માઈન્ડ ઓપનીંગ' તરીકે ઓળખાવે છે. ઈન્ટરવ્યુમાં સવાલ પુછવામાં આવ્યો હતો કે તમે એલએસડીનાં ડોઝ લીધા ન હોત તો, પીસીઆરની શોધ થઈ હોત ખરી? મુલીસ ઉવાચ : આઈ ડોન્ટ નો, આઈ ડાઉટ, પોતાની આત્મકથા 'ડાન્સીંગ નેકેડ ઈન ધ માઈન્ડ ફિલ્ડ'માં તેઓ એચઆઈવી, જ્યોતિશ શાસ્ત્ર, પેરાસાયકોલોજી, ગ્લોબલ વાર્મિંગ, ઝેરી કરોળીયાથી માંડીને પોતાનાં અનુભવો વિશે વાત કરે છે. જેમાં ડ્રગની વાત પણ સામેલ છે.રિચાર્ડ ફેનમાન વિશ્વ પ્રસિદ્ધ ભૌતિકશાસ્ત્રી હતાં. જહોન લીલીનાં કેટામાઈન એલએસડીનાં પ્રયોગોથી રિચાર્ડ ફેનમાન આકર્ષાયા હતાં. જોકે તેઓ પોતાનાં માનસીક સ્વાસ્થ્ય પ્રત્યે પણ ખુબજ સજાગ હતા. તેમણે કેટામાઈન અને મારીજુઆના લઈને મગજ પર થતી અસરો ચકાસવા માટે મર્યાદીત પ્રમાણમાં પ્રયોગો કર્યા હતાં. તેમણે ડ્રગનાં શિકાર બની ન જવાય તેની ખાસ તકેદારી રાખી. ડૉ. ફેનમાન યહુદી હતાં. બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન પરમાણુ બોમ્બ વિકસાવવામાં મદદ પણ કરી હતી. તેમણે જહોન લીલીએ વિકસાવેલ સેન્સરી ડિપ્રીવેશન ટેંકનો અનુભવ પણ લીધો હતો. એકલતા પ્રાપ્ત કરવા માટે ફેનમાન એલએસડી, મારીજુઆના અને એલએસડીનો પ્રયોગ કરતા હતાં. તેમનાં અનુભવની વાત તેમણે આત્મકથા જેવાં પુસ્તક 'શ્યોરલી યુ આર જોકીંગ મી. ફેનમાન'માં લખી છે. ડ્રગ્સનો ઉપયોગ કરીને તેઓ કુદરતનું સૌથી વધારે 'પ્લીઝર મશીન' મગજ બગડે નહી તેની ચિંતા હતી. તેમ છતાં ડરતા ડરતા તેમણે ભ્રામક-ભ્રમણાનો અનુભવ કરવા માટે ડરતાં ડરતાં એલએસડી લીધું હતું.થોમસ આલ્વા એડિસન એક બહુ પ્રતિભાશાળી વૈજ્ઞાનિક હતાં. તેમનાં જમાનામા અને કદાચ, હાલમાં પણ સૌથી વધારે વૈજ્ઞાનિક શોધો માટે પેટન્ટ હક્કો એડિસનનાં નામે બોલે છે. જેને એક રેકોર્ડ ગણી શકાય. એડિસને કોકેઈનનો ઉપયોગ અલગ અંદાજમાં કર્યો હતો. ૧૮૬૩માં ફ્રેન્ચ રસાયણશાસ્ત્રીએ 'વિન મારીઆની' નામનો આ 'વાઈન' રજુ કર્યો હતો. વાઈનને કોકોનાં પાંદડા સાથે રાખીને તૈયાર કરવામાં આવતો હતો.

કોકોનાં પાંદડામાંથી નશીલું ડ્રગ્સ કોકેઈન બને છે. એક ઔંસ વાઈનમાં સાત મીલીગ્રામ જેટલું કોકેઈન ભળેલું રહેતું હતું. થોમસ આલ્વા એડિસને તેનાં જીવનનાં ચોક્કસ કાળમાં નિયમિત રીતે કોકેઈનયુક્ત વાઈન વાપર્યો હતો. નશીલા ડ્રગ્સ તરીકે હવે વધારે શુધ્ધ અને સિન્થેટીક ડ્રગ્સ મળવા લાગ્યા છે. પહેલાં કોકેઈન અને હેરોઈનનો યુવાનો ઉપયોગ કરતા હતાં. બાઈબલના ત્રણ હજાર વર્ષ પહેલાં કોકો અને કોકેઈનનાં ઉપયોગની ઐતિહાસિક તવારીખ નોંધાયેલી છે.જો સ્ટીવ જોબ્સે એલએસડી સાથે પ્રયોગો ન કર્યા હોત તો 'આઈફોન'નો જન્મ થાત ખરો? આ પ્રકારના સવાલ અમેરિકન પત્રકારોએ કરેલ છે. આ વાતની સાબિતીરૃપ મુદ્દાઓ પણ તેમણે ટાંક્યાં છે. સ્ટીવ જોબ્સે જાતે જ કબુલ્યું હતું કે કોલેજ કાળમાં તેઓએ એલએસડીનું સેવન કર્યુ હતું. મગજનાં ચેતાતંત્ર પર અસર કરે તેવાં ડ્રગ્સને જોબ્સે ભરપુર માણ્યું છે.

જોબનો મિત્ર કહે છે કે સ્ટીવ જોબ્સ જીવતાં હતાં ત્યારે આ કનેક્શન વિશે વાત કરવાની મારી હિંમત ન હતી. હવે જ્યારે જોબ્સ નથી ત્યારે હું વાત કરી શકું છું. અધ્યાત્મની શોધમાં બંને મિત્રો સાથે ભટક્યા હતા. જે દરમ્યાન એલએસડીનો સંગ તેમણે કર્યો હતો. એલએસડીનાં કારણે દુનિયા તરફનો અભિગમ બદલાઈ ગયો હતો. બંને મિત્રોએ 'બી હીયર નાવ' નામનું પુસ્તક વાંચ્યું હતું. જેમાં અધ્યાત્મ અને ચેતાતંત્રને આકાશમાં ઉડતા હોવાની અનુભૂતી કરાવે તેવા ડ્રગ્સની વાત આલેખાઈ છે. અધ્યાત્મની શોધમાં ભટકતાં સ્ટીવ જોબ્સ અને તેમનાં મિત્ર ડેનિયલ કોટકે ચક્ર અને ઊર્જા ચક્ર, ચાઈનીઝ 'મી' અને કુંડલીની વિશે પુસ્તકો પણ વાંચ્યા હતાં. જે વાંચીને તેઓ ભારત આવ્યા હતા. જયાં તેઓએ હિપ્પી જેવું જીવન ગાળ્યું હતું.આ દરમ્યાન તેઓ એ નશીલા દ્રવ્યોનું સેવન પણ કર્યું હતું.

## શેન વોર્ન નીકળ્યો અસલી બાજીગર, રાજસ્થાન રોયલ્સ વેચાતા થયો માલામાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી છે. આ વચ્ચે રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ ફ્રેન્ચાઈઝીનું વેચાણ ચર્ચાના કેન્દ્રમાં આવી ગયું છે. આઈપીએલની પ્રથમ સિઝનની ચેમ્પિયન રહેલી રાજસ્થાન રોયલ્સને અમેરિકાના કાલ સોમાણીના નેતૃત્વવાળા કંસોર્ટિયમે ૧.૬૩ અબજ ડોલર એટલે કે આશરે ૧૫૨૯૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધી છે. આરઆરની વેલ્યુએશન આરસીબીના ૧.૭૮ અબજ ડોલરની નજીક છે. રોયલ્સના પૂર્વ કેપ્ટન શેન વોર્ને ટીમ તરફથી રમવા દરમિયાન લીધેલા એક નિર્ણયે તેના પરિવારને માલામાલ કરી દીધો છે.

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ લેગ સ્પિનર શેન વોર્ને ખુલાસો કર્યો હતો કે તેણે દરેક સિઝન માટે આરઆરમાં ૦.૭૫ ટકા ઈક્વિટી માંગી હતી. વોર્ન ન માત્ર રોયલ્સનો કેપ્ટન હતો પરંતુ તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લીધા બાદ મેન્ટર અને કોચ પણ રહ્યો. હવે જ્યારે રાજસ્થાન રોયલ્સ વેચાઈ છે તો દિવંગત શેન વોર્નના પરિવારને આ ડીલ હેઠળ આશરે ૪૬૦ કરોડ રૂપિયા (૭૦ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલરથી વધુ) મળી શકે છે.

૨૦૧૯મા ધ હેરાલ્ડ સનને આપેલા એક ઈન્ટરવ્યુમાં વોર્ને કહ્યુ હતુ 'મારી ડીલનો હિસ્સો હતો. તેમણે મને કેપ્ટન, કોચ બનવા અને ટીમને મારી મરજીથી ચલાવવા માટે કહ્યું હતું.

30-03-2026_13 Jan Fariyad_New_P-2



# અદાવતની આગમાં સળગતી યુવતી

ઉત્તરપ્રદેશના બુલંદશહેર જિલ્લાના કરસૌલા ગામમાં ગંભીરસિંહ ચૌધરીને સંતાનમાં બે દીકરા અને ચાર દીકરીઓ. એમાં બીજા નંબરની દીકરી હેમાનું નસીબ ફૂટેલું. ઈ.સ. ૨૦૧૪માં એને પરણાવેલી. એનો દારૂડિયો પતિ રોજ મારઝૂડ કરે. એમાંય એ હરામીએ સાત માસની ગર્ભવતી હેમાના પેટમાં છરો માર્યો અને માથામાં ડંડા માર્યા. હેમાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. ડૉક્ટરોની મહેનતને લીધે હેમા અને ગર્ભસ્થ શિશુ બંને બચી ગયા. આવા હેવાન જોડે હવે ના રહેવાય એવા નિર્ધાર સાથે હોસ્પિટલમાંથી રજા મળી કે હેમા સીધી પિયર આવી ગઈ. એણે પુત્રને જન્મ આપ્યો. એનો દીકરો આદિત્ય સાત વર્ષનો થયો ત્યારે હેમાએ પગભર થવાનું વિચાર્યું. ગામડાગામમાં તો નોકરી ના મળે એટલે ૨૦૨૨ના જાન્યુઆરીમાં હેમા પોતાના દીકરાને લઈને માસીને ત્યાં સૂરજપુરમાં રહેવા આવી ગઈ. ત્યાંના ગ્રેનો વેસ્ટ મોલમાં કાપડના એક પ્રતિષ્ઠિત શૉરૂમમાં એને નોકરી પણ મળી ગઈ.દાદરી પોલીસ સ્ટેશનની હદમાં બડપુરા ગામમાં રહેતા રવીન્દ્ર ભાટી અને રાકેશ દેવીને બે સંતાન. દીકરો અરૂણ અને દીકરી પાયલ. અરૂણ સાવ શાંત પ્રકૃતિનો પણ પાયલનો મિજાજ તેજ. ગ્રેજ્યુએટ થયા પછી એ લશ્કરમાં જોડાવા માગતી હતી. એ માટે બે વાર અરજી કરીને એણે તૈયારી કરેલી પરંતુ પરિવારની ઈચ્છા નહોતી એટલે એ શક્ય ના બન્યું. પાયલના ભાઈ અરૂણ માટે કન્યાની શોધ ચાલતી હતી. અરૂણના ફૈબાનો દીકરો સુનિલ એક કન્યા શોધી લાવ્યો. ભાટી પરિવાર માટે આ સ્વાતિ અને એનો પરિવાર સાવ અજાણ્યો હતો, પરંતુ વચેટિયા તરીકે સુનિલે ખાતરી આપીને પૂરી જવાબદારી સ્વીકારેલી.સ્વાતિ આ ઘરમાં પુત્રવધૂ બનીને આવી એના બે મહિનામાં જ ઘરમાંથી સુખ-શાંતિ અદ્રશ્ય થઈ ગયા. રોજ રોજ ઝઘડા કરીને સ્વાતિ બેફામ બોલતી હતી. વળી ઝઘડો વધી જાય ત્યારે સ્વાતિના બંને ભાઈઓ કૌશિન્દ્ર અને ગોલુ પણ ત્યાં આવીને આ લોકોને ધમકી આપીને ગભરાવતા હતા.આ ઉપરાંત, બીજી મુશ્કેલી પણ ગંભીર હતી. લગ્ન વખતે પૈસાની તકલીફ હતી એટલે માટે રવીન્દ્ર ભાટીએ પોતાની બહેન પાસે હૈયું ખોલેલું. બહેનનો દીકરો એટલે વચેટિયો સુનિલ. એ સધ્ધર હતો એટલે એણે મામાને પાંચ લાખ રૂપિયા આપીને કહેલું કે કોઈ ટેન્શન વગર તમારી સગવડે પાછા આપજો.માથાફરેલ સ્વાતિએ ઘરને સમરાંગણ બનાવી દીધું હતું. ભાટી પરિવારને હવે એવું લાગતું હતું કે અમને ફસાવીને સુનિલે આ કમજાતને અમારા ઘરમાં ઘૂસાડી છે; સ્વાતિના ઝઘડા વધ્યા એની સાથોસાથ સુનિલે પણ વારંવાર પાંચ લાખની ઉઘરાણી શરૂ કરી. સ્વાતિના ભાઈઓ પણ જેમ ફાવે એમ બોલ્યા અને પોલીસકેસ કરવાની ધમકી આપી. એ સમયે સુનિલે પણ પૈસાની પઠાણી ઉઘરાણી કરી.ચિંતાગ્રસ્ત પતિ-પત્નીએ બહુ વિચારીને આકરો નિર્ણય લીધો. રવીન્દ્ર અને રાકેશદેવીએ તારીખ ૧૭-૫-૨૦૨૧ની રાત્રે ઝેર પીને આત્મહત્યા કરી! ઝેર પીતા અગાઉ સ્યુસાઈડ નોટમાં સ્વાતિ, એના બંને ભાઈઓ અને સુનિલનું નામ લખીને રવીન્દ્રે કારણો પણ લખેલા. માતા-પિતાએ લખેલી ચિઠ્ઠીમાં જે નામ હતા એમને પકડી લેવા માટે પાયલ પોલીસ પાસે કરગરી.દિવસો પસાર થતા હતા અને પેલા લોકો આઝાદ ઘૂમતા હતા. પોલીસસ્ટેશને ધક્કા ખાઈને પાયલ હતાશામાં ડૂબી ગઈ. મા-બાપ ગુમાવ્યાની વેદનામાં ડૂબેલી પાયલને પોલીસની નિષ્ક્રિયતા ખૂંચતી હતી.પ્રચંડ પીડા અને ભયાનક હતાશામાં એણે પણ મા-બાપ પાસે જવા માટે ઊંઘની ગોળીઓ ગળી લીધી! પરંતુ તાત્કાલિક સારવાર મળી એટલે પાયલનો જીવ બચી ગયો.મોતને હાથતાળી દઈને પાછી આવેલી પાયલ હવે પ્રતિશોધની આગમાં સળગતી હતી. મા-બાપે આત્મહત્યા કરેલી, પરંતુ પાયલ તો એમ જ માનતી હતી કે સુનિલ, સ્વાતિ, કૌશિન્દ્ર અને ગોલુએ એમની હત્યા કરી છે! એ હત્યારાઓ સામે કઈ રીતે બદલો લેવો એના વિચારમાં એ ભૂખ-તરસ ને ઊંઘ પણ ભૂલી ગઈ હતી. સતત ક્રાઈમ સિરિયલો જોયા પછી એને એક પ્લાન સૂઝયો. આ ખોફનાક પ્લાનમાં ભાઈ અરૂણ કાચો પડશે એવું એને લાગ્યું. પ્લાન અમલમાં મૂકવા માટે એણે ફેસબૂકના માધ્યમથી સશક્ત અને વિશ્વાસુ સાથીની શોધ શરૂ કરી. બધા મિત્રોમાંથી એણે અજય ઠાકુરની પસંદગી કરી.અજય ઠાકુર પણ ખેલાડી હતો. એ પોતે પરણેલો હતો અને બે બાળકનો પિતા હતો એ વાત છૂપાવીને એણે પાયલ સાથે દોસ્તી વધારી. અજય સિકન્દરાબાદ પાસેના એક ગામનો હતો અને સુરજપુરમાં એક મોટર કંપનીમાં નોકરી કરતો હતો. પાયલ એને મળી. પાયલે એને પોતાનો પ્લાન સમજાવીને શરત મૂકી કે આ પ્લાનનો પહેલો તબક્કો જો તારી મદદથી સફળ થશે તો અને તો જ હું તારી સાથે લગ્ન કરીશ. એનો ખતરનાક પ્લાન સાંભળીને અને એ માટેની એની તૈયારી જોઈને અજય હબકી તો ગયો પરંતુ લગ્નની લાલચ હતી એટલે એ તૈયાર થઈ ગયો. પાયલે એક તમંચો અને દસ કારતૂસ ખરીદી રાખ્યા હતા. એ ઉપરાંત તમંચા આકારનો મોટો છરો પણ એણે વસાવ્યો હતો.પાયલનો પ્લાન ખોફનાક હતો. પોતાના જેવી જ કોઈ યુવતીને ફસાવીને અજય પકડી લાવે. એ યુવતીની હત્યા કરીને એની લાશને પાયલની લાશ તરીકેની ઓળખ આપી દેવાની. એને લીધે આ દુનિયામાં પાયલનું અસ્તિત્વ જ નથી એવું બધા માને. એ પછી વારાફરતી સુનિલ, સ્વાતિ, કૌશિન્દ્ર અને ગોલુની હત્યા કરવાનો પાયલનો પ્લાન હતો. પાયલનું અસ્તિત્વ જ ના હોય એટલે આમાંથી એકેય હત્યામાં એનું નામ જ ના આવે! આટલો પ્લાન પાયલે અજયને સમજાવેલો. એ પ્લાનનો અંતિમ તબક્કો પાયલના મનમાં તૈયાર હતો પરંતુ એ અજયને કહેવાય એવો નહોતો. પેલા ચારેયની હત્યા કર્યા પછી કોઈ જ પુરાવો કોઈને ક્યારેય ના મળે એટલે છેલ્લે અજયને પણ એ મારી નાખવાની હતી.પાયલને પામવા માટે આજ્ઞાંકિત શિષ્યની જેમ અજય ફેસબૂક ઉપર મચી પડયો. પાયલ જેવી દેખાતી યુવતીને શોધવાના એના પ્રયત્નોમાં અંતે એને સફળતા મળી. પ્રારંભમાં જે દુખિયારીની વાત જણાવી છે એ હેમા ચૌધરી અજયની લપેટમાં આવી ગઈ. દસેક દિવસમાં જ એની સાથે પાક્કી મિત્રતા કરીને અજયે એને તારીખ ૧૨-૧૧-૨૦૨૨ની સાંજે મળવા બોલાવી. એ અગાઉ અજયે પાયલને પચીસેક ઘેનની ટીકડીઓ પહોંચાડી દીધી હતી.પતિના ત્રાસમાં પારાવાર પીડા વેઠી ચૂકેલી બાપડી હેમાને આ પ્રેમી ઉપર વિશ્વાસ બેઠો અને એ રાત્રે શારૂમમાંથી નીકળ્યા પછી એણે પોતાની બહેનને મેસેજ કર્યો કે થોડું કામ છે એટલે મારે મોડું થશે. પોતે હેમાને લઈને આવવાનો છે એની અજયે પાયલને જાણ કરી એટલે એ સાંજે જમવામાં પાયલે ગાજરનો હલવો બનાવીને એમાં પેલી ઘેનની ટીકડીઓ ભેળવી દીધી.એ હલવો ખાઈને અરૂણ અને ઘરનો નોકર ઘસઘસાટ ઊંઘી ગયા.રાત્રે અગિયાર વાગ્યે હેમાને પોતાની બાઈક ઉપર બેસાડીને અજય પાયલના ઘેર આવ્યો. પાયલનો રૂમ પહેલા માળે હતો. અજય ઉપર ચડયો. એની પાછળ હેમા ઉપર આવી કે તરત જ પાયલે પૂરી તાકાતથી એની ગરદનમાં છરો ઘૂસાડી દીધો. હેમા ફસડાઈ પડી એટલે પાયલ છરો લઈને મચી પડી. થોડી વાર તરફડીને હેમા મૃત્યુ પામી. પાયલે એના હાથની નસો કાપી નાખી. રસોડામાં જઈને ઉકળતું તેલ લઈ આવી અને ચહેરો ઓળખાય નહીં એ રીતે હેમાના ચહેરા પર ઉકળતું તેલ રેડી દીધું. એ પછી કાગળ-પેન લઈને પાયલે પોતાની સ્યુસાઈડ નોટ લખી. 'પુરી બનાવતી વખતે ઉકળતા તેલથી આખો ચહેરો બળી ચૂક્યો છે એટલે હવે કોઈ મને સ્વીકારશે નહીં. બધાનો તિરસ્કાર સહન કરવાને બદલે મારા હાથની નસ અને ગળાની નસ કાપીને હું મારી મરજીથી આત્મહત્યા કરું છું.એ ચિઠ્ઠી મૂકીને પાયલ અને અજય બાઈક લઈને સીધા જ બુલંદશહેર પહોંચી ગયા!આ તરફ હેમા ચૌધરી ઘેર નહોતી આવી એટલે એના પરિવારે ગ્રેટર નોઈડાના બિસરખા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.અગાઉ પણ પાયલે એક વાર આત્મહત્યાનો પ્રયાસ કરેલો એટલે એણે બહેનની લાશના અગ્નિસંસ્કાર પણ કરાવી નાખ્યા! નવેમ્બર, ૨૦૨૨ની ઓગણીસમી તારીખે પાયલે અજય ઠાકુર સાથે લગ્ન કર્યા.અજયે હેમા ચૌધરીનો મોબાઈલ પોતાની પાસે રાખી લીધેલો.હેમાના પરિવારે ફરિયાદ કરેલી એટલે પોલીસની સાયબર ટીમે એના મોબાઈલના આધારે તપાસ કરી તો એમાં અજય ઠાકુર સાથે છેલ્લી વાત કરેલી. અત્યારે મોબાઈલ બઢપુરા ગામ પાસે છે એ પણ જાણવા મળ્યું પણ અજયનો પત્તો નહોતો મળતો. પોલીસે બાતમી મેળવીને અજયના એક મિત્રને પકડયો. એને વિશ્વાસમાં લઈને કહ્યું કે તું નોકરીની લાલચ આપીને અજયને બોલાવ. પેલાએ એમ કર્યું અને પહેલી ડિસેમ્બરે ચારમૂર્તિ ગોળચક્કર પાસે અજય આવ્યો એટલે પોલીસે એને દબોચી લીધો. એના મોબાઈલમાંથી પાયલના ફોટા અને લગ્નના ફોટા પણ મળ્યા. પોલીસે પાયલની ધરપકડ કરી અને એને બઢપુરા ગામ લઈ જવાઈ. અજયને સિકન્દરાબાદ લઈ જઈને પોલીસે હેમાના લોહીવાળા કપડાં નાળામાંથી મેળવ્યા. તારીખ ૨-૧૨-૨૦૨૨ના દિવસે પોલીસે પ્રેસ કોન્ફરન્સ કરીને મીડિયાને પૂરી માહિતી આપી.હેમાના પરિવારની હાલત દયાજનક હતી. એમની દીકરીના અંતિમસંસ્કાર પણ પાયલના પરિવાર દ્વારા થઈ ચૂક્યા હતા.પાયલની ઓળખ કરવા માટે પોલીસે અરૂણને બિસરખ પોલીસસ્ટેશનમાં બોલાવ્યો હતો. અરૂણ સ્તબ્ધ હતો. મરેલી માનેલી બહેન ખતરનાક ખેલ કરીને જીવતી-જાગતી સામે ઊભી હતી. પાયલે એ વખતે આક્રમક બનીને પોલીસ અધિકારી સામે ઉભરો ઠાલવ્યો. કહ્યું કે આ જે કંઈ બન્યું એમાં તમામ દોષ પોલીસનો જ છે. મારા મા-બાપના હત્યારા સામે એમણે કાર્યવાહી કરી હોત, તો મારે આ ધંધા કરવાની કોઈ જરૂર જ ના પડતી.હેમાનો દેહ પંચમહાભૂતમાં મળી ચૂક્યો છે એટલે એની હત્યા સાબિત કરવાનું કામ પોલીસ માટે પડકારરૂપ છે.ઘરમાંથી અને કપડાંમાંથી લોહીના જે અંશ મળ્યા છે એના ડીએનએ પરિવારના સભ્યો સાથે સરખાવીને પોલીસ આગળ વધશે.

## હવે ઉપલબ્ધ શહેરોમાં પીએનજી કનેક્શન ફરજીયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્ર સરકારે રસોઈ ગેસને લઈને એક મોટો નિર્ણય કર્યો છે. પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલયે એક નિર્દેશ જાહેર કર્યો છે જે અનુસાર જે વિસ્તારમાં પાઈપ ગેસ એટલે કે **PNG** ની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં જો લોકો **LPG** સિલિન્ડરની જગ્યાએ **PNG** પર શિફ્ટ નહીં કરે તો તેની એલપીજી સપ્લાય બંધ કરવામાં આવી શકે છે. સરકારનું કહેવું છે કે આ પગલું દેશમાં ગેસ નેટવર્કને ઝડપથી વધારવા અને એક જ ઈંધણ પર નિર્ભરતા ઘટાડવા માટે લેવામાં આવ્યો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે એલપીજી સપ્લાય પર અસર પડી છે, જેનાથી દેશમાં તેની અછત જોવા મળી રહી છે. તેવામાં સરકાર હવે લોકોને **PNG** અપનાવવા માટે કહી રહી છે, જે પાઈપ દ્વારા સીધો ઘર સુધી સતત મળે છે અને સિલિન્ડર બુક કરાવવાની ઝંઝટ પણ ખતમ કરી દે છે. પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા જારી નવા નિયમ પ્રમાણે જો તમારા ઘરમાં **PNG** ઉપલબ્ધ હોવા છતાં ત્રણ મહિનાની અંદર કનેક્શન લેવામાં નહીં આવે તો એલપીજીની સપ્લાય બંધ કરવામાં આવી શકે છે.

સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગેસની સપ્લાય સિસ્ટમને વધુ સંતુલિત અને મજબૂત બનાવવાનો છે. જે વિસ્તારમાં પાઈપ્ડ નેચરલ ગેસ **(PNG)** ની સુવિધા પહેલાથી ઉપલબ્ધ છે, ત્યાં એલપીજીનો ઉપયોગ ઘટાડી તે ક્ષેત્રોમાં ગેસ પહોંચાડવાનો છે, જ્યાં હજુ પાઈપલાઈન નેટવર્ક નથી. આ સાથે સરકાર ફ્યુલ ડાયવર્સિફિકેશનને વધારવા ઈચ્છે છે, જેથી દેશ કોઈ એક સોર્સ પર નિર્ભર ન રહે, ખાસ કરી તેવા સમયમાં જ્યારે વૈશ્વિક સ્તર પર સપ્લાયમાં સમસ્યા આવી રહી છે.

# કુદરતી અજાયબી:ગ્રીસનો માઉન્ટ ઓલિમ્પસ



પૃથ્વી પર અનેક પર્વતો આવેલા છે. સ્થળ અને આબોહવાને કારણે દરેક પર્વત ઘણી વિશિષ્ટતા ધરાવતા હોય છે. અને એક બીજાથી જુદા પડતા હોય છે. ઊંચા પર્વતો એટલે આપણી કલ્પનામાં બરફનાં શિખરો આવે પરંતુ ઘણા પર્વતો જંગલોથી ભરચક હોય છે.ગ્રીસમાં આવેલો બાવન શિખરવાળી માઉન્ટ ઓલિમ્પસ સૌથી વધુ વનસ્પતિ અને સજીવ સૃષ્ટિ માટે જાણીતો છે. યુરોપનો આ સૌથી ઊંચો પર્વત છે. તેનું સૌથી ઊંચુ શિખર ૯૮૦૦ ફૂટ ઊંચુ છે. આ પર્વત વરસાદથી કદી પલળતો નથી એવી દંતકથા છે.માઉન્ટ ઓલિમ્પક પર ૧૭૦૦ જાતના ફૂલ છોડ થાય છે. ૩૨ જાણીતા પ્રાણીઓ અને ૧૦૮ જાતના પક્ષીઓ જોવા મળે છે જે વિશ્વમાં અન્ય સ્થળે ભાગ્યે જ જોવા મળે. ૨૨ જાતના સાપ, દેડકા, કાચબા અને ગરોળી પણ અહીંની વિશેષતા છે. ગ્રીસનો આ સૌથી ઊંચો નેશનલ પાર્ક છે.

પક્ષીઓના મધુર ગીતોનું રહસ્ય

પ્રાણી અને પક્ષીજગતમાં અવાજ એ કુદરતની આશીર્વાદ રૂપ દેન છે. માણસ વિવિધ ભાષાઓ બોલી શકે છે તે જ રીતે પ્રાણીઓ અને પક્ષીઓ પણ ગળામાંથી વિવિધ અવાજો કાઢી શકે છે.


તેમાંય પક્ષીઓ તો મધુર સંગીત, ટહૂકા અને ગહેંક માટે જાણીતા છે. પક્ષીઓનો અવાજ આપણને કર્ણપ્રિય લાગે તેનું પણ એક રહસ્ય છે.પક્ષીઓની સ્વરપેટી અને શ્વાસનળીની રચના વિશિષ્ટ છે. પક્ષીઓને ફેફસા ઉપરાંત હવાની કોથળી હોય છે. આ કોથળી શ્વાસનળી સાથે જોડાયેલી હોય છે. આ કોથળીને કારણે પક્ષી લાંબો સમય ગાઈ શકે છે. પક્ષીઓની શ્વાસનળી ગૂંટળાકાર અને લાંબી હોય છે. બેન્ડવાજામાં પિત્તળના લાંબી ભૂંગળા વાળા ટ્રમ્પેટ તમે જોયા હશે. પક્ષીઓની શ્વાસનળી પણ તે જ રીતે વળાંક વાળી હોય છે. પક્ષી ડોક લાંબી ટૂંકી કરીને શ્વાસનળીને પણ લાંબી ટૂંકી કરીને અવાજ બદલી શકે છે. તેની શ્વાસનળીમાં બે વાલ્વ હોય છે. બંને વાલ્વનો વારાફરતી ઉપયોગ કરીને તે અવાજમાં વિવિધતા લાવી શકે છે.પક્ષીઓના ટહૂકામાં બીજુ એક કારણ પણ છે. પક્ષીઓ ચણે ત્યારે તેમાં કાંકરા કે સખત પદાર્થો પણ આવી જાય. પક્ષીની અન્નનળીની આગળ એક કોથળી હોય છે. તેમાં ખોરાકના નકામા કણ એકઠા થાય છે. આ કણ બહાર ફેંકવા માટે ઘણા પક્ષીઓ લાંબા સમય સુધી ટહૂકો કરે છે. અવાજને કર્ણપ્રિય બનાવવામાં શ્વાસનળી ઉપયોગી થાય છે.


હોલ ઈફેક્ટનો શોધક : એડવિન હર્બર્ટ હોલ

વીજળી અને મેગનેટિઝમ્નો ઉપયોગ કરીને વિજ્ઞાનીઓએ રેડિયોથી માંડી મોબાઈલ અને કમ્પ્યુટર જેવા સાધનો વિકસાવ્યા છે. આપણે રોજિંદા ઊપયોગમાં લઈએ છીએ તેવા ઈલેકટ્રોનિક સાધનોમાં ઈલેકિટ્રસિટી અને મેગ્નેટિઝમના વિવિધ ઉપયોગ થયા છે. વિજ્ઞાનીઓએ આ બંને કુદરતી શક્તિઓનો ઊંડો અભ્યાસ કર્યો છે. અને તેમાંથી નવી નવી શોધો થઈ છે. ધાતુમાં વીજળી વહે ત્યારે તેના વોલ્ટેજ કરન્ટ અને મેગ્નેટિક ફિલ્ડ વચ્ચેના સંબંધનો ઊંડો અભ્યાસ કરનાર વિજ્ઞાની હર્બર્ટ હોલે મેગ્નેટિઝમની શક્તિ આપવાનો સિધ્ધાંત શોધેલો. તેને હોલ ઈફેક્ટ કહે છે.

મેગ્નેટોમીટર આ સિધ્ધાંતના આધારે કામ કરી ચુંબકીય બળનું પ્રમાણ દર્શાવે છે. હોલ ઈફેક્ટ સેન્સર મેગ્નેટિક ફિલ્ડના આધારે વોલ્ટેજમાં વધઘટ કરે છે. વાહનોના સ્પીડોમીટરમાં તેનો ઉપયોગ થાય છે.એડવીન હર્બર્ટ હોલનો જન્મ અમેરિકાના મેઈનમાં ગોરહામ શહેરમાં ઈ.સ.૧૮૫૫ના નવેમ્બરની ૨૦ તારીખે થયો હતો. એડવીન જહોન હોપકિન્સ યુનિવર્સિટીમાં પી.એચ.ડી. થયો હતો. આ દરમિયાન તેણે ઈ.સ.૧૮૭૯માં હોલ ઈફેકટની શોધ કરી હતી. આ શોધથી તે પ્રસિધ્ધિ પામ્યો અને તેને હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે નિમણૂક મળી. હોલ ઈફેકટની શોધ માઈકલ ફેરાડેની શોધ કરતાં ય વધુ મહત્વની ગણાય છે. હોલે વીજળી અને ચુંબકત્વ વિશે સંખ્યાબંધ પુસ્તકો લખેલા.

# વિદેશી વેબ શોઝનું ભારતીયકરણ







સંદીપ મોદી નવી પેઢીના આશાસ્પદ દિગ્દર્શકોમાંના એક છે. તેમણે સ્વતંત્ર રીતે દિગ્દર્શન શરૂ કર્યું તે પહેલાં તેમણે 'સરકાર રાજ' અને 'વોટસ યોર રાશિ?' જેવી ફિલ્મોમાં સહાયક નિર્દેશક તરીકે કામ કરી છેલ્લા એક દાયકામાં પોતાના કસબની ધાર કાઢી છે. હવે સંદીપ મોદી ઓટીટી પર સફળ વિદેશી વેબ સિરીઝના ભારતીયકરણ માટે જાણીતું નામ બની ગયા છે.પ્રથમ વિખ્યાત બ્રિટિશ વેબ સિરીઝ 'ધ નાઈટ મેનેજર' અને પછી વિખ્યાત ડચ સિરિઝ 'પિનોઝા' પરથી બનાવવામાં આવેલી 'આર્યા' આવી. બંનેમાં બોલિવૂડના મોટા કલાકારો હતા. આ સિરીઝને એટલી સારી રીતે બનાવવામાં આવી હતી કે ઓડિયન્સ માટે સંદીપ મોદી એક સિદ્ધહસ્ત દિગ્દર્શક બની રહ્યા છે. સંદીપ મોદીએ ફિલ્મ લાઈનમાં લગભગ બે દાયકા કરતાં વધારે સમય વીતાવ્યો હોવાથી તેમની એક આગવી સૂઝ વિકસી છે. સંદીપ મોદી તેમની ફિલ્મ દિગ્દર્શક તરીકેની સૂઝનોઆગવો ઉપયોગ કરી જાણે છે. તેમણે 'ધ નાઈટ મેનેજર' શોને બે ભાગમાં વિભાજિત કરી બતાવ્યો. મોદી તેમના આ નિર્ણય વિશે જણાવે છે કે આમ કરવાનું મુખ્ય કારણ એ હતુ કે હું નહોતો ઈચ્છતો કે આ શો આવે અને એક અઠવાડિયા બાદ તેને બધા એને ભૂલી જાય. અમને એ વખતે ખબર નહોતી કે ભારત આ પ્રકારના વીકલી બ્રેક માટે તૈયાર છે કે કેમ. પણ અમે શોને બે ભાગમાં વહેંચી કાઢ્યો અને લોકોને તે મમળાવવા દીધો. અમને ખાતરી હતી કે જે લોકોને આ શો ગમશે તેઓ તેની વાત કરશે જ. અમને ખાતરી હતી કે અમે જે જકડી રાખે તેવી ચમકદાર લાગણીથી ધબકતી સિરીઝ બનાવી છે તે લોકોને ગમશે જ. હવે જો તમે મોટી અસર કરે તેવો શો બનાવો તો તેની અસર ટકી રહેશે. અમે કદાચ બીજી, ત્રીજી, ચોથી અને પાંચમી સિઝન પણ કરીએ અને તેમની વચ્ચે વધારે અંતર હોય એવું પણ બની શકે. આમ મને એ ચિંતા નથી કે ઓડિયન્સ પાછું આવશે કે કેમ. મારા માટે આ ઈમોશનલ કન્ટીન્યુટીનો એક પ્રયોગ છે. એક દર્શક તરીકે તમે એપિસોડ ચારના અંતે જે લાગણી અનુભવો છે તે જ લાગણી તમે એપિસોડ પાંચના આરંભે કેવી રીતે અનુભવશો તે એક રહસ્ય છે જે દરેક મેકરે સમજવાનું રહે છે. ઓટીટી પર એની કોઈ ગેરન્ટી નથી કે તમારા એપિસોડ વારાફરતી તમે બનાવ્યા છે એ જ ક્રમમાં જોવામાં આવશે.તમે વિદેશી વેબ સિરીઝને ભારતીય વાતાવરણમાં લઈ આવો ત્યારે તમારી સમક્ષ કોઈ આદર્શ હોય છે ખરો તેવા સવાલના જવાબમાં સંદીપ મોદી કહે છે, 'ઘણીવાર હું પ્રેરણા માટે વિશાલ ભારદ્વાજ ભણી જોઉં છું. તેમણે હેમલેટ પરથી 'હૈદર', મેકબેથ પરથી 'મકબૂલ' અને ઓથેલો પરથી 'ઓમકારા' બનાવી છે. શેક્સપિયરની ત્રણ વિખ્યાત ટ્રેજેડીને તેમણે ભારતીય વાતાવરણમાં બખૂબી રજૂ કરી છે. ખ્યાલ એ રાખવાનો હોય છે કે જ્યારે તમે સ્ટોરી એક ચોક્કસ માહોલમાં સેટ કરો ત્યારે તે સ્થળની બારીકીઓને પણ તમારે એવી રીતે રજૂ કરવાની રહે છે જાણે તે કથાનો જ એક હિસ્સો હોય. તમે માત્ર પ્લોટ જ લો છો, બાકી તો તમે જે પાત્રો સર્જો છો તે તેમની સાથે અનેક ખૂબીઓ લેતાં આવે છે. મારા મતે કલ્ચરલ એડેપ્શન એ સૌથી મહત્વનું પાસું હોય છે જે દર્શકોને જકડી રાખે છે. બ્રિટિશ વેબ સિરીઝ ઉપલબ્ધ હોવા છતાં જ્યારે તમે તેનું ભારતીય સ્વરૂપ રજૂ કરો ત્યારે પડકાર એ હોય છે કે તમે એમાં નવું શું કરી બતાવવાના છો.' હવે સંદીપ મોદી કરણ જોહર સાથે સહકાર સાધવાના છે. આ પણ નવું તો ખરૂં. પત્રકાર પ્રીતિશ નંદીને મનોરંજન વેચતા ત્રણ દાયકા થવાને છે. એ મોડર્ન વિચારધારાવાળા છે. દીકરી રંગીતાને પણ ફિલ્મ, વેબ સીરિઝ નિર્માણનો બહોળો અનુભવ છે. રંગીતાએ ૨૦૧૯માં આપેલી 'ફોર મોર શોટ્સ પ્લીઝ' વેબ સિરીઝની પહેલી સીઝન નોખી હતી. નંદીઝે 'ધ ન્યુ યોર્ક ટાઈમ્સ'માં ૨૦૦૪થી પ્રસિદ્ધ થતી 'મૉડર્ન લવ' નામની કટાર, કે જેના પરથી પછી પાડકાસ્ટ, પુસ્તક, ટેલિવિઝન શો વગેરે બન્યાં, એને ભારતીય વેબ સિરીઝમાં ઢાળી છે. કુલ છ એપિસોડ્સ છે. ૨૦૨૩માં નેટફ્લિક્સ પર 'ધ આર્ચીઝ' સિરીઝ. વિદેશમાં એના ડંકા વરસો પહેલાંથી વાગતા રહ્યા છે. એનું ભારતીયકરણ કરી રહ્યાં છે ઝોયા અખ્તર. શાહરુખ-કન્યા સુહાના ખાન, બોની (કપૂર)પુત્રી ખુશી કપૂર અને અમિતાભ-દોહિત્ર અગત્સ્ય નંદા જેવાં ત્રણ સ્ટાર કિડ્સ આ સિરીઝથી એક્ટિંગની દુનિયામાં એન્ટ્રી મારશે. ડિરેક્શન ઝોયાનું હોય એવી સિરીઝની હવા તો બને જ. એલેક્સ હાર્ડકેસલ ડિરેક્ટેડ 'સિનિયર યર' ફિલ્મ આવી છે નેટફ્લિક્સ પર. પ્રામ નાઈટ એટલે હાઈ સ્કૂલના અભ્યાસના છેલ્લા વરસનો કાર્યક્રમ. એમાં કામામાં સરી જતી રેબેલ વિલ્સન ૨૦ વરસે હોશમાં આવી ફરી સ્કૂલ જઈ પ્રામ ક્વીન બનવા ચાહે છે એવી છે એની વાર્તા. આ અમેરિકન કોમેડી ખાસ તો ટીનએજર્સ અને યુવાનોને ગમશે. તમારામાંથી ઘણાએ તો કદાચ જોઈ પણ નાખી હશે, રાઈટ?સાઉથ આફ્રિકન ડ્રામા સિરીઝ 'સેવેજ બ્યુટી' હાલમાં રિલીઝ થઈ નેટફ્લિક્સ પર. એને આ નામની સાઉથ આફ્રિકાની કોમિક સિરીઝ સાથે મિક્સ ન કરતા. બેઉ અલગ છે. છ એપિસોડ્સવાળી સિરીઝમાં વાત છે ઝિન્લે માંઝિની (ભજવે છે રોઝમેરી ઝિમુ) નામની સ્ત્રીની જે પોતાના શોકાન્તિક ભૂતકાળનો બદલો લેવા મેદાને ઊતરી છે.

## ૩૫ નહીં, ૨૫ દિવસમાં જ મળશે શહેરોમાં સિલિન્ડર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૯

કેન્દ્ર સરકારે **LPG** સિલિન્ડર બુકિંગની સમયમર્યાદામાં ફેરફાર અંગે વાયરલ થતા સમાચારોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. પેટ્રોલિયમ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે બુકિંગના નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને હાલની સિસ્ટમ યથાવત છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેટલાક મીડિયા અહેવાલો અને સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના **(PMUY)** કનેક્શન માટે ૪૫ દિવસ, નોન-**PMUY** સિંગલ સિલિન્ડર કનેક્શન માટે ૨૫ દિવસ અને ડબલ સિલિન્ડર કનેક્શન માટે ૩૫ દિવસની નવી સમયમર્યાદા લાગુ કરવામાં આવી છે. સરકારે આ દાવાઓને ભ્રામક અને ખોટા ગણાવ્યા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે **LPG** રિફિલ બુકિંગ માટેની હાલની સમયમર્યાદા પહેલાની જેમ જ અમલમાં રહેશેઃ શહેરી વિસ્તારોમાં ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસ, જે તમામ પ્રકારના જોડાણો પર સમાન રીતે લાગુ પડે છે. સરકારે નાગરિકોને આવી અફવાઓ પર વિશ્વાસ ન કરવા અથવા તેને વાયરલ ન કરવા અપીલ કરી છે.

30-03-2026_13 Jan Fariyad_New_P-3

# ગુજરાત માથે રૂપિયા ૩.૮૦ લાખ કરોડનું દેવું

(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના સત્રના છેલ્લા દિવસે આજે નિયામક અને મહાલેખાપરીક્ષક (CAG)નો મહત્વપૂર્ણ અહેવાલ ગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં રાજ્યની નાણાકીય સ્થિતિ, જાહેર દેવું અને આવક-ખર્ચ અંગેના મહત્વપૂર્ણ આંકડા જાહેર કરવામાં આવ્યા છે.

અહેવાલ મુજબ, ગુજરાતનું કુલ જાહેર દેવું ૩.૮૦ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. ગત વર્ષની સરખામણીએ રાજ્યના જાહેર દેવામાં અંદાજે ૨૨ હજાર કરોડ રૂપિયાનો વધારો નોંધાયો છે, જે રાજ્યના વધતા નાણાકીય બોજ તરફ સંકેત કરે છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલી બજાર લોન પણ નોંધપાત્ર રીતે વધી છે. અહેવાલ મુજબ બજાર લોનનો આંક ૩.૧૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે, જે ગત વર્ષ કરતા લગભગ ૧૬ હજાર કરોડ રૂપિયા વધુ છે.

નાણાકીય પરિસ્થિતિના અન્ય પાસાઓ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજ્યની મહેસુલી આવકમાં ઘટાડો નોંધાયો છે. અગાઉના વર્ષની તુલનાએ મહેસુલી આવકમાં ૧.૮૯ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે અંદાજપત્રીય લક્ષ્યાંકોની સામે આ આવક ૪.૮૩ ટકા ઓછી રહી છે.

રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન (GSDP)ની દૃષ્ટિએ મહેસુલી આવક ૮.૧૮ ટકા રહી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. તેમ છતાં, રાજ્ય સરકારે મહેસુલી ખર્ચ પર નિયંત્રણ જાળવવામાં સફળતા મેળવી હોવાનું પણ અહેવાલમાં દર્શાવવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન રૂ. ૧૮,૯૪૨.૯૪ કરોડની મહેસુલી પુરાંત નોંધાઈ છે, જે અંદાજપત્રીય અંદાજ કરતાં બમણી હોવાનું નોંધાયું છે. આ આંકડો રાજ્ય સરકારના ખર્ચ નિયંત્રણના પ્રયાસોને દર્શાવે છે.

કરવેરા આવકના મુદ્દે રાજ્યની કામગીરી સ્થિર રહી હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે. અંદાજપત્રીય અંદાજોની સામે રાજ્યની પોતાની કરવેરા આવકમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો નથી. બીજી તરફ, કેન્દ્રીય કરવેરાના હિસ્સામાં વધારો નોંધાયો છે, જેના કારણે અન્ય આવકના ઘટકોમાં થયેલી ખાધ આંશિક રીતે સંતુલિત થઈ શકી છે.

કેગના આ અહેવાલથી રાજ્યની નાણાકીય સ્થિતિનું સ્પષ્ટ ચિત્ર સામે આવ્યું છે, જેમાં એક તરફ દેવામાં વધારો અને આવકમાં ઘટાડો જેવી ચિંતાજનક બાબતો છે, તો બીજી તરફ ખર્ચ નિયંત્રણ અને મહેસુલી પુરાંત જેવી સકારાત્મક બાબતો પણ નોંધાઈ છે.

### ૭ વર્ષ સુધીની જેલની પણ સજા

# લગ્ન અને છૂટાછેડાથી લઈને લિવ-ઈન રિલેશનશિપ સુધી, ગુજરાતમાં UCCથી શું-શું બદલાશે

(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર,

ગુજરાત વિધાનસભામાં ૧૮૨ બેઠકોમાંથી ૧૬૧ બેઠકોની ભાજપની ભારે બહુમતી સાથે, પ્રસ્તાવિત કાયદા પર ભાજપના ઘણા સભ્યોએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા પછી, બિલ બહુમતી મતથી પસાર થયું. ઉત્તરાખંડ પછી, ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ (UCC) લાગુ કરવા માટે બિલ પસાર કરનાર બીજું ભારતીય રાજ્ય બન્યું છે. જો કે, આ બિલની કોઈપણ જોગવાઈઓ અનુસૂચિત જનજાતિના લોકોને લાગુ પડશે નહીં.

ગૃહમાં બિલ રજૂ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે યુસીસી એ મુખ્ય સુધારાઓમાંનો એક છે જેને અમલમાં મૂકવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ બિલ રજૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક સંવાદિતા અને રાષ્ટ્રીય એકતા સુનિશ્ચિત કરવાનો છે. સુપ્રીમ કોર્ટે એમ પણ સૂચન કર્યું છે કે યુસીસી મહિલાઓના અધિકારોનું રક્ષણ કરશે.

આ બિલ લગ્ન અને છૂટાછેડાની ફરજિયાત નોંધણીનો પ્રસ્તાવ મૂકે છે. આ જરૂરિયાતનું પાલન કરવામાં નિષ્ફળતાના પરિણામે ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. બધા લિવ-ઈન સંબંધો ફરજિયાતપણે રજીસ્ટર થવા જોઈએ, અને આવા સંબંધોના સમાપ્તિ અંગેની માહિતી પૂરી પાડવી જોઈએ. લિવ-ઈન સંબંધમાંથી જન્મેલા કોઈપણ બાળકને દંપતીનું કાયદેસર બાળક ગણવામાં આવશે.

ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ બિલ ૨૦૨૬ મુજબ, તેના લિવ-ઈન પાર્ટનર દ્વારા ત્યજી દેવાયેલી મહિલાને ભરણપોષણ મેળવવાનો અધિકાર રહેશે. બહુપત્નીત્વ પ્રતિબંધિત છે, અને બળજબરી અથવા બળજબરી હેઠળ કરાયેલા લગ્નોને સાત વર્ષ સુધીની જેલ થઈ શકે છે. કોર્ટના આદેશ સિવાયના કોઈપણ પ્રકારના છૂટાછેડા માટે ત્રણ વર્ષ સુધીની કેદની સજા થશે. આ બિલ છૂટાછેડા પછી કોઈપણ શરતો વિના પુનર્લગ્નને કાયદેસર બનાવે છે અને 'હલાલા' પ્રથા પર પ્રતિબંધ મૂકે છે.

આ કાયદાની તરફેણમાં દલીલ કરતા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે ભારતને ૧૯૪૭ માં સ્વતંત્રતા મળી હોવા છતાં, નાગરિક કાયદાઓ ધર્મ, સમુદાય અને જાતિના આધારે અલગ રહ્યા છે. તેમણે સમજાવ્યું કે આનાથી મહિલાઓને નોંધપાત્ર નુકસાન થયું છે. નવો કાયદો લગ્ન, વારસો અને સંબંધિત બાબતો માટે એક સમાન કાનૂની માળખું બનાવશે. આ કાયદો કોઈ ચોક્કસ ધર્મ માટે વિશિષ્ટ નથી. તે બધા નાગરિકો માટે છે અને કાયદા હેઠળ સમાન અધિકારોની ખાતરી આપે છે.

સંઘવીએ કહ્યું કે આ બિલ લાંબી પરામર્શ પ્રક્રિયા પછી તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં સમાજના તમામ વર્ગોના અવાજો સાંભળવામાં આવ્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે બિલનો મુસદ્દો તૈયાર કરતી વખતે યુસીસી પેનલને ૨ મિલિયન સૂચનો અને ભલામણો મળી હતી. સંઘવીએ કહ્યું કે છેતરપિંડી દ્વારા અથવા નકલી ઓળખનો ઉપયોગ કરીને ગોઠવાયેલા લગ્ન એક સામાજિક દુષણ બની ગયું છે. તે એક સંગઠિત અપરાધ બની ગયો છે જેને બંધ કરવો જ જોઈએ. અદાલતોએ પણ આવી પ્રથાઓ બંધ કરવાના આદેશો જારી કર્યા છે. સંઘવીએ કહ્યું કે ફ્રાન્સ, જર્મની, તુર્કી, નેપાળ, અઝરબૈજાન અને મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો સહિત ઘણા દેશોમાં સમાન કાયદા છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ આરોપ લગાવ્યો કે આ બિલ રજૂ કરવું રાજકીય રીતે પ્રેરિત હતું. ચાવડાએ પ્રશ્ન કર્યો કે વિધાનસભામાં બિલ રજૂ કરતા પહેલા ધારાસભ્યોને જસ્ટિસ રંજના દેસાઈ પેનલ રિપોર્ટ વાંચવા માટે કેમ આપવામાં આવ્યો નથી.

તેમણે માંગ કરી કે બિલ ધારાસભ્યોની સમિતિને મોકલવામાં આવે અને આગામી વિધાનસભા સત્રમાં રજૂ કરવામાં આવે જેથી બધા ધારાસભ્યો તેનો અભ્યાસ કરી શકે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે કહ્યું કે પ્રસ્તાવિત કાયદામાં ગુજરાતમાં રહેતા અન્ય રાજ્યોના લોકોનો સમાવેશ થશે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા નથી. તેમણે ઉમેર્યું કે લિવ-ઈન રિલેશનશિપના મુદ્દા પર સ્પષ્ટતાનો અભાવ છે.

# નદી પાર કરતી વખતે લાઈફ જેકેટ ફરજિયાત, નહીંતર થશે દંડ



(સંપૂર્ણ સમાચાર સેવા) નર્મદા,

નર્મદા જિલ્લામાં પવિત્ર 'ઉત્તરવાહિની પંચકોષી નર્મદા પરિક્રમા'નો પ્રારંભ ગત ૧૯મી માર્ચથી થઈ ચૂક્યો છે. આ આસ્થાના પર્વમાં ગુજરાત સહિત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને દેશના અન્ય ખૂણેથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મા નર્મદાના આશીર્વાદ લેવા ઉમટી રહ્યા છે. યાત્રિકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

નર્મદા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની જોગવાઈઓ અંતર્ગત એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે, જે મુજબ પરિક્રમાર્થીઓએ નદી પાર કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

● મુસાફરો માટેઃ નાવડીમાં બેસનાર દરેક મુસાફરે ફરજિયાતપણે લાઈફ જેકેટ પહેરવાનું રહેશે. જે મુસાફર લાઈફ જેકેટ નહીં પહેરે તેમની પાસેથી વ્યક્તિ દીઠ રૂપિયા ૧૦૦નો દંડ વસૂલવામાં આવશે.

● ઈજારદારો માટેઃ જો નાવડીના ઈજારદાર (ઓપરેટર) દ્વારા લાઈફ જેકેટ પૂરા પાડવામાં કે પહેરાવવામાં કોઈ પણ પ્રકારની ચૂક થશે, તો તેમની પાસેથી રૂપિયા ૫૦૦નો દંડ વસૂલ કરવામાં આવશે.

● જાગૃતિઃ આ નિયમો અંગેના જરૂરી બોર્ડ અને બેનરો લગાવવાની જવાબદારી સંબંધિત ઈજારદારે નિભાવવાની રહેશે.

● અમલીકરણ અને જવાબદારીઃ વહીવટી તંત્રએ આ નિયમોના અમલ માટે અલગ-અલગ વિભાગોને જવાબદારી સોંપી છેઃ

● પોલીસ વિભાગઃ મુસાફરો પાસેથી દંડ વસૂલવાની કામગીરી પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવશે.

● માર્ગ અને મકાન વિભાગ (પંચાયત): ઈજારદારો પાસેથી નિયત દંડ વસૂલવાની જવાબદારી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.મ.) વિભાગ, રાજપીપળાની રહેશે. આ જાહેરનામું ૧૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક સુધી અમલમાં રહેશે. જો કોઈ પણ વ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરશે, તો તેમની સામે ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

વહીવટી તંત્ર દ્વારા તમામ પરિક્રમાર્થીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની સુરક્ષા માટે લાઈફ જેકેટનો ઉપયોગ કરે અને વહીવટી તંત્રને સહકાર આપે.

# ખેડબ્રહ્મા-અસારવા રેલવે લાઈન પર ટ્રાયલ રન સફળ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૨૬

ઉત્તર ગુજરાતના રેલવે મુસાફરો અને લાખો શ્રદ્ધાળુઓ માટે મોટા અને આનંદના સમાચાર સામે આવ્યા છે. પ્રસિદ્ધ યાત્રાધામ નાના અંબાજી એટલે કે ખેડબ્રહ્માથી અમદાવાદના અસારવા સુધી વાયા હિંમતનગર નવી ઈલેક્ટ્રિક રેલવે સેવા શરૂ થવાની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં છે. તાજેતરમાં રેલવે વિભાગ દ્વારા આ રૂટ પર ઈન્સ્પેક્શન ટ્રેન એન્જિન સાથેનું સફળ ટ્રાયલ રન કરવામાં આવ્યું છે.

હિંમતનગરથી ખેડબ્રહ્મા વચ્ચેના મીટરગેજ ટ્રેકને ઈલેક્ટ્રિક બ્રોડગેજમાં રૂપાંતરિત કર્યા બાદ, હવે ટ્રેન દોડાવવા માટેનું પરીક્ષણ તેજ કરવામાં આવ્યું છે.

રેલવેના ઉચ્ચ અધિકારીઓએ સીઆરએસ (CRS) બાદ હવે ફાઈનલ ટ્રાયલ રન ઈન્સ્પેક્શન કર્યું છે. આ ટ્રાયલ રનનો રિપોર્ટ સબમિટ થયા બાદ ટૂંક સમયમાં જ આ રૂટ પર નિયમિત ટ્રેન સેવા શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને કરેલી રજૂઆત બાદ આ પ્રોજેક્ટમાં ગતિ આવી છે. સાંસદની સક્રિયતાને કારણે હવે એવી સંભાવના છે કે એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ખેડબ્રહ્મા-અસારવા ટ્રેન સેવા ઉત્તર ગુજરાતની જનતા માટે કાર્યરત થઈ જશે.

# ૩ વર્ષમાં ૨૭૨૪ ફરિયાદ, તપાસમાં ૧૬૯ નકલી ડિગ્રી ધારકો ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આજે અંતિમ દિવસ છે. ત્યારે આજે અંતિમ દિવસે ગૃહમાં પ્રશ્નોત્તરીકાળમાં રાજ્યમાં બોગસ અને નકલી ડિગ્રી ધરાવતા ડોક્ટરોના રાફડો ફાટ્યો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન બોગસ અને નકલી ડિગ્રી ધરાવતા કુલ ૨૮૨૪ બોગસ ડોક્ટરોની ફરિયાદો મળી છે, જેઓની વિરુદ્ધ સરકાર દ્વારા વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે. વિધાનસભામાં સામે આવેલી માહિતી અનુસાર, ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૧થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી એમ આ ત્રણ વર્ષમાં ગુજરાતમાંથી મળી બોગસ ડોક્ટરો અંગે ઘણી બધી ફરિયાદો મળી આવી છે. જેમાં વર્ષ ૨૦૨૧માં ૮૩૯, ૨૦૨૨માં ૮૭૫ અને વર્ષ ૨૦૨૩માં સૌથી વધુ ૧૦૧૦ ફરિયાદો મળી હતી. જેની તપાસ દરમિયાન જેમાં વર્ષ ૨૦૨૧માં ૫૯, ૨૦૨૨માં ૪૩ અને ૨૦૨૩માં (સપ્ટેમ્બર સુધી) ૬૭ મળી કુલ ૧૬૯ બોગસ અથવા નકલી ડિગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા છે. આ તમામ નકલી ડોક્ટરોની જિલ્લાવાર પરિસ્થિતિ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં મહેસાણા, મોરબી અને સુરત જેવા જિલ્લાઓમાં તપાસની સંખ્યા ઘણી ઊંચી રહી છે. મહેસાણામાં ૫૬૮, મોરબીમાં ૫૭૭ અને સુરતમાં ૫૨૦ ફરિયાદો પર તપાસ કરવામાં આવી હતી. જે અન્વયે કુલ ૧૬૯ ઝડપાયેલા ડોક્ટરોમાંથી ૧૫૪ સામે પોલીસ સ્ટેશનમાં FIR દાખલ કરવામાં આવી છે.

જ્યારે અમદાવાદમાં ૩૫ ફરિયાદોની તપાસ કરતા કુલ ૧૧ બોગસ ડોક્ટરો પકડાયા હતા, તો નવસારીમાં સૌથી વધુ ૨૨૧ ફરિયાદોની તપાસ હાથ ધરવામાં આવી હતી અને તપાસમાં ખુલતા કાંડ મુજબ આવા બોગસ ડોક્ટરો સામે ગુના નોંધવામાં આવ્યા છે. તંત્રની કડક કાર્યવાહી અને નાસી છૂટેલા તત્વો અહેવાલો રજૂ કરતાં સરકારે જણાવ્યું હતું કે, તંત્રની ધાકને કારણે અનેક બોગસ ડોક્ટરો દવાખાના બંધ કરીને ફરાર થઈ ગયા છે. વડોદરામાં તપાસ દરમિયાન ૩ ડોક્ટરો દવાખાના બંધ કરી પલાયન થઈ ગયા હોવાનું નોંધાયું છે. જ્યારે સુરેન્દ્રનગરમાં પણ તપાસ શરૂ થતા જ સંચાલકો દવાખાનું બંધ કરી નાસી છૂટ્યા હતા. તો સુરતમાં બોગસ ડોક્ટરો સામે માંડવી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી, તેમને કોર્ટમાં હાજર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આમ, રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા આવા તત્વો સામે કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેના અનેક બોગસ ડોક્ટરો સરકારને હાથ લાગ્યા હતા.

### દહેજ અને અત્યાચારના કિસ્સાઓમાં વધારો!

# રાજ્યમાં મહિલાઓ વિરુદ્ધના ગુનાના ચિંતાજનક આંકડા જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા) ગાંધીનગર, તા.૨૬

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આજે અંતિમ દિવસ છે. અંતિમ દિવસે આજે ગૃહમાં અતરાંકિત પ્રશ્નો ચોંકાવનારી વિગતો સામે આવી છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મહિલાઓ વિરુદ્ધ થતા ગુનાઓ અંગેના અધિકૃત આંકડાઓ સામે આવ્યા છે. જેમાં રાજ્યમાં દહેજને કારણે થતા આપઘાત અને અનુસૂચિત જાતિની મહિલાઓ પર થતા અત્યાચારોની ઘટનાઓમાં નોંધપાત્ર સંખ્યા જોવા મળી છે. જે મુજબ દહેજ પ્રથાનો ભોગ બનતી મહિલાઓ આંકડા સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૩ દરમિયાન દહેજને કારણે મહિલાઓના આપઘાતના અનેક કિસ્સાઓ નોંધાયા છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૪ કેસ, ૨૦૨૧-૨૨માં ૭૨ કેસ અને ૨૦૨૨-૨૩માં ૫૨ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત, દહેજના કારણે આપઘાતના પ્રયાસોના પણ કેસો સામે આવ્યા છે. આ ગુનાઓમાં પોલીસ દ્વારા મોટાભાગના આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જોકે બે વર્ષમાં ૧૫ જેટલા આરોપીઓ હજુ પણ પકડવાના બાકી છે. જ્યારે અનુસૂચિત જાતિની મહિલાઓ સામેના ગુના સંખ્યમાં વધારો જોવા મળી રહ્યો છે. જે અનુસૂચિત જાતિની મહિલાઓ સાથે દુષ્કર્મનીઘટનાઓમાં પણ ચિંતાજનક આંકડા જોવા મળ્યા. કેમકે ૨૦૨૦-૨૧માં ૧૨૧ ઘટનાઓ ઘટી હતી. જ્યારે ૨૦૨૧-૨૨માં ૧૯૦ ઘટનાઓ પ્રકાશમાં આવી છે. તેમજ ૨૦૨૨-૨૩માં ૧૮૬ ઘટનાઓ ઘટી છે. આ ગુનાઓ સંદર્ભે અત્યાર સુધીમાં કુલ ૭૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૯ આરોપીઓ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. જો કે કેટલાક કિસ્સાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટ અથવા હાઈકોર્ટના મનાઈ હુકમ (સ્ટે) હોવાને કારણે આરોપીઓની ધરપકડ થઈ શકી નથી. બાકી રહેલા આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આરોપીઓના મિત્ર વર્તુળ અને સગા-સંબંધીઓમાં તપાસ. તેમજ મોબાઈલ લોકેશન અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કે બાતમીદારો દ્વારા મેળવેલી માહિતીના આધારે દરોડા કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા આ પ્રકારના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા તમામ આરોપીઓને વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલવા માટે અસરકારક પગલાં લેવાની ખાતરી આપવામાં આવી છે.

# અમદાવાદના નવરંગપુરામાં બુલેટ સવારનો આતંક

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,તા.૨૬

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં ફરી એકવાર બેફામ ગતિએ દોડતા વાહને અકસ્માત સર્જ્યો છે. સ્ટેડિયમ રોડ પર પૂરઝડપે આવતા એક બુલેટ સવારે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક્ટિવા સવાર યુવક લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ જતાં તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

ગઈકાલે રાત્રે નવરંગપુરા વિસ્તારમાં આવેલા કોમર્સ સિક્સ બિલ્ડિંગ પાસે, મેટ્રો પિલર નંબર ૧૯૫ નજીક આ ઘટના બની હતી. હોટલમાં કામ કરતા વિજયસિંહ પરમાર અને શૈલેષ નામનો યુવક પોતાના એક્ટિવા પર જઈ રહ્યા હતા. આ દરમિયાન એક બેફામ ગતિએ આવતા ર્ બુલેટ બાઈક સવારે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે એક્ટિવા સવાર બંને યુવકો રોડ પર ફંગોળાયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બુલેટની ઝડપ એટલી વધારે હતી કે, એક્ટિવા સવારને કાંઈ પણ કરવાની તક મળી નહોતી. અકસ્માતમાં વિજયસિંહ પરમારને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ સ્થળ પર જ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા. જ્યારે શૈલેષ અને બુલેટ ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ૧૦૮ મારફતે ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

# સતાધાર ધામમાં ગુજરાતનો સૌથી મોટો બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે

(સંપૂર્ણ સમાચાર સેવા) જૂનાગઢ,

પ્રસિદ્ધ યાત્રાધામ સંત આપા ગીગાની જગ્યા સતાધાર ધામ તેની સંધ્યા આરતી દર્શન માટે પ્રખ્યાત છે, પણ આપા ગીગાનો આ 'અલખનો ઓટલો' હવે વૈકલ્પિક ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતાનું પ્રતીક બન્યો છે. સતાધાર ધામમાં ગુજરાતનો સૌથી મોટી ક્ષમતા ધરાવતો બાયોગેસ પ્લાન્ટ કાર્યરત છે. ૮૫ ઘનમીટર પ્રતિ દિવસની ક્ષમતા ધરાવતા ચાર બાયોગેસ પ્લાન્ટ હાલ કાર્યરત છે અને બીજા બે (૮૫ ઘનમીટર પ્રતિ દિવસ) નવા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાની પ્રક્રિયા ચાલુ છે.

સતાધારની જગ્યામાં એક હજાર ગાયો છે. અહીં યાત્રાળુઓ માટે એક વિશાળ અન્નક્ષેત્ર ચલાવવામાં આવે છે. જ્યાં રોજ સરેરાશ ૧૦ હજાર લોકો ભોજન લે છે. આ રસોડું ચલાવવા માટે માત્ર બાયોગેસનો જ ઉપયોગ કરવામાં આવે છે. બાયોગેસ ઉત્પન્ન કરવા માટે રોજ ૮ હજાર કિલો છાણનો ઉપયોગ થાય છે. જેથી સતાધારની જગ્યા સંધ્યા આરતીની પવિત્ર જ્વાળાની સાથે સાથે આત્મનિર્ભરતાની જ્વાળા પણ પ્રજ્વલ્લિત કરી રહી છે.

સંસ્થાના વ્યવસ્થાપકોએ જણાવ્યું કે, જ્યારે બાયોગેસ નહોતો ત્યારે રસોઈ બનાવવા માટે લાકડાનો ઉપયોગ કરવામાં આવતો હતો. જેમાં રોજનું ૮૦૦થી ૯૦૦ કિલો લાકડું વપરાતું હતું. જ્યારે સિલિન્ડરનો ઉપયોગ કરતા ત્યારે રોજ સરેરાશ ૧૦થી ૧૫ જેટલા સિલિન્ડરનો ઉપયોગ થતો હતો. સતાધારના મહંત વિજયબાપુએ જણાવ્યું કે, અમે સંપૂર્ણ રસોઈ બનાવવા માટે સંપૂર્ણપણે આત્મનિર્ભર છીએ અને રસોઈ માટે માત્ર બાયોગેસનો જ ઉપયોગ કરીએ છીએ. આ ઉપરાંત, બાયોગેસમાંથી નીકળતી સ્લરીનો ઉપયોગ સંસ્થાની ખેતીમાં કરવામાં આવે છે.

ગુજરાતમાં આવેલી ગૌશાળાઓ, પાંજરાપોળો, શૈક્ષણિક સંસ્થાઓ અને ચેરિટેબલ ટ્રસ્ટો પાસે મોટા પ્રમાણમાં પશુધન તેમજ ખેત કચરો અને રસોઈગૃહમાંથી નીકળતો એંઠવાડ ઉપલબ્ધ રહે છે. આ તમામ જૈવિક પદાર્થોને પ્રાણવાયુની ગેરહાજરીમાં (એનેરોબિક પ્રક્રિયા દ્વારા) કોહવાડવાથી બાયોગેસ ઉત્પન્ન થાય છે. આ બાયોગેસનો ઉપયોગ રાંધવા માટે સસ્તો ગેસ પૂરો પાડે છે.

સાથે સાથે આ પ્રક્રિયા બાદ મળતું સ્લરી ઉત્તમ નાઈટ્રોજનયુક્ત સજીવ ખાતર તરીકે ખેતીમાં ઉપયોગી બને છે.

આ આખી પ્રક્રિયા માટે રાજ્યમાં વૈકલ્પિક ઊર્જા સ્રોતોને પ્રોત્સાહન આપવા તેમજ ગૌશાળા, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓમાં ઉત્પન્ન થતા જૈવિક કચરાનો વૈજ્ઞાનિક રીતે સદુપયોગ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ સ્થાપનાની વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાઓને ઊર્જા સ્વાવલંબન તરફ દોરી જવો, પર્યાવરણ પ્રદૂષણ ઘટાડવું અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

આ યોજના હેઠળ ૨૫, ૩૫, ૪૫, ૬૦ અને ૮૫ ઘનમીટર ક્ષમતા ધરાવતા પ્લાન્ટ માટે સહાય આપવામાં આવે છે. બિનનફાકારક સંસ્થાઓને કુલ મૂલ્યના ૭૫% સુધી અને નફાકારક સંસ્થાઓને ૫૦% સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે, જેથી વધુમાં વધુ સંસ્થાઓ સ્વચ્છ ઊર્જા અને સજીવ ખેતી તરફ આગળ વધે.

Published and Owned by Pradip Raval and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009. and published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001 Editor -Pradip Raval

30-03-2026_13 Jan Fariyad_New_P-4